પ્રકરણ:૪

❖ ૪.૧ દીપક બારડોલીકર : સર્જક પરિચય

દીપક બારડોલીકરનું મૂળ નામ મુસાજી છે. ઈ.સ. ૧૯૨૫ની ૨૩મી નવેમ્બરના રોજ દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના બારડોલી મુકામે સાંજે સૂર્ય ઢળ્યા પછી તેમનો જન્મ થયો હતો. પિતાનું નામ મૂળે યુસુફ પરંતુ સૌ કોઈ તેમને ઈસપજી કે ઈસબજીના નામેથી જ બોલાવતા અને ઓળખતા. દાદાજીનું નામ મહમૂદ. મહમૂદજીને પાંચ દીકરાઓ હતા. આ પાંચે દીકરાઓનું આખું કુંટુંબ બારડોલીમાં એકસાથે રહેતું. બારડોલીમાં આટલો મોટો બીજો કોઈ પરિવાર નહોતો એવું સર્જક કહે છે. દીપક બારડોલીકર પોતાના પરિવારમાં સૌથી નાના હતા. તેમને ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનો હતી. ભાઈઓના નામ ઇબ્રાહિમ, ઇસ્માઇલ અને મહમદજી જ્યારે બહેનોના નામ ખદીજા, સકીના અને હવ્વા હતાં. પરિવારમાં પોતે સૌથી નાના હોવાથી સૌ કોઈ તેમને ખૂબ વ્હાલ કરતું. પરંતુ છ વર્ષની નાની ઉંમરે પિતાનું અવસાન થતાં તેમના માથેથી પિતાની છત્રછાયા છિનવાઈ જાય છે. માતા જ પછીથી તેમનું પાલન પોષણ કરી તેમને ઉછેરે છે. ધર્મે તેઓ મુસ્લિમ હોવાથી નાનપણમાં જ મદરેસા જવાનું શરૂ કરે છે. માતાની બહુ ઇચ્છા હતી કે દીપક કુરાન કંઠસ્થ કરે પણ તેમને આવા કામમાં રસ નહોતો. પ્રથમ બે વર્ષનું પ્રાથમિક શિક્ષણ ઉર્દૂ ભાષામાં અને પછી ત્રણ વર્ષનું શિક્ષણ ગુજરાતી ભાષામાં લે છે. પાંચમાં ધોરણથી તેઓ અંગ્રેજી માધ્યમની શાળામાં અભ્યાસ કરવા જાય છે. આ સમય દરમ્યાન 'અન્જુમને હિમાયતે ઇસ્લામ' નામના પુસ્તકાલયમાં જઈ દરરોજ વર્તમાનપત્રો વાંચવાનો તેમને ખૂબ જ શોખ હતો. પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા પછી બારડોલીની જ બારડોલી બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કુલમાં જાય છે અને મેટ્રિક સુધીનો અભ્યાસ કરે છે. ભણવાની સાથે સાથે તેઓ ચિત્ર, વ્યાયામ, કુસ્તી, સંગીત અને સ્વીમિંગ વગેરે પ્રવૃત્તિઓમાં પણ ખાસ્સો રસ દાખવે છે. બારડોલીની મિંઢોળા નદી તેમનો સ્વીમિંગ પૂલ હતો. તેમની ઇચ્છા ચિત્રકાર બનવાની હતી પણ માતાજીને તે પસંદ નહોતું. તેઓ વ્યાયામ, કુસ્તી જેવી રમતોમાં પાવરધા હતા તેની સાથે શારીરિક રીતે પણ ખડતલ હતા વળી વિદ્યાર્થી અવસ્થામાં સ્વતંત્રતાની લડતથી પરિચિત થવાનું આવે છે જેથી તેઓ ઇન્ડિયન નેશનલ કોંગ્રેસના પણ સભ્ય બને છે. એકવખતે તો તેમની ઇચ્છા ફોજમાં સૈનિક તરીકે જોડાઈ જવાની પણ હતી પણ તેઓ સૈનિક બને એ ભાઈઓને મંજૂર નહોતું આથી તેઓએ માંડી વાળ્યું. પિતાનો વ્યવસાય તંબાકુનો હતો જે પાછળથી તેમના ભાઈઓ સંભાળતા હતા તેમાં પણ થોડો સમય સહકાર આપે છે. બાદમાં થોડા સમય માટે મુસ્લિમ લીગમાં પણ જોડાય છે. વાંકાનેરની ખદીજા નામની કન્યા સાથે તેમના નિકાહ પણ થાય છે. પણ થોડા વર્ષો પછી બન્ને છૂટા પડી જાય છે. ભારત પાકિસ્તાન વિભાજન પછી મોટા ભાઈ ઇબ્રાહિમના કહેવાથી તેઓ પાકિસ્તાન જાય છે પણ થોડાં વર્ષો ત્યાં રહ્યા પછી ત્યાંથી પણ પાછા આવતા રહે છે. હવેથી તેમની તકલીફો શરૂ થાય છે. ભારત સરકાર તેમના પર ઓવર સ્ટેનો કેસ કરે છે. કેસ તેઓ જીતી જાય છે તેમ છતાં અચાનક એક દિવસે તેમને ભારત છોડવાનું ફરમાન કરવામાં આવે છે. ભારતમાંથી તરછોડાઈ તેઓ

પાકિસ્તાન જવા નીકળે છે ત્યાં પાકિસ્તાન ઇમીગ્રેશનના અધિકારીઓ તેમને ભારતીય માની પાકિસ્તાનમાં પ્રવેશતા રોકે છે. પોલીસ, ધાક ધમકી, ધક્કા, ગાળો, અને આખરે જેલના અનુભવો કર્યા પછી તેઓ મહામહેનતે પાકિસ્તાન પહોંચે છે. નોકરીની શોધ તેમને ત્યાંથી દોઢેક વર્ષ માટે પૂર્વ પાકિસ્તાન એટલે કે હાલના બાંગ્લાદેશમાં જવા મજબૂર કરે છે. આખરે ફાતિમા સાથે લગ્ન થાય છે અને પાછા પાકિસ્તાન રહેવાનું સૌભાગ્ય સાંપડે છે. તેમને ત્રણ સંતાનો થાય છેઃ જેમાં બે પુત્ર અને એક પુત્રી હોય છે. પુત્રના નામ જમીલ અહમદ અને નદીમ અહમદ જ્યારે પુત્રીનું નામ નુસરતબાનુ રાખે છે. કરાંચીમાં તેઓ પોતાનું મકાન બાંધે છે. પાકિસ્તાનમાં આવ્યા પછી નોકરી છોડી પત્રકારત્વ સાથે પોતાનો નાતો જોડે છે. પોતે પત્રકાર હોવાથી ભારતનો વિઝા પણ તેમને નસીબ થતો નથી અને જન્મ દેનારી જનેતા તેમનું મોઢું જોયા વિના જ પોતાના પ્રાણ ત્યજે છે. પાકિસ્તાનની રાજનીતિમાં અંધાધૂંધીનો સમય ચાલતો હોય છે એવા સમય એટલે કે ઓગણીસમી સદીના આઠમાં દાયકામાં પાકિસ્તાનમાં માર્શલ-લો લાગુ પડે છે અને મોટાભાગના પત્રકારોને જેલમાં પૂરી દેવામાં આવે છે ત્યારે તેઓ પણ ત્રણ મહિના જેલ ભોગવે છે. જેલવાસ પછી તેમની પત્નીનું પણ અવસાન થાય છે. તેમના બાળકો તે દરમ્યાન મોટા થઈ બ્રિટનમાં સ્થાયી થઈ ગયા હોય છે. પાકિસ્તાનમાં હવે તેઓ એકલા થઈ ગયેલા હોવાથી તેઓ પણ બ્રિટનમાં સ્થળાંતરિત થઈ જાય છે. અત્યારે પણ તેઓ બ્રિટનમાં માન્ચેસ્ટર ખાતે રહે છે અને ગઝલો તથા કથા સાહિત્યમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે.

ગઝલસર્જક વલી મુહમ્મદ ફકીરની યાદમાં કરાંચીની રંગકલા ગુજરાતી કલ્ચરલ સોસાયટી તરફથી ગુજરાતી ગઝલમાં પ્રદાન બદલ અપાતો ‘ફકીર સુવર્ણ ચંદ્રક’ વર્ષ ૧૯૯૦માં તેમને મળેલ છે.

❖ ૪.૨ દીપક બારડોલીકરની કવિતામાં ડાયસ્પોરિક વલણો

કવિ દીપક બારડોલીકરના કાવ્યસર્જન વિશે વાત કરતા પહેલા ‘કુલ્લિયાતે દીપક’માં સર્જકે ભાવકોને કરેલી આ વિનંતી ખાસ જોવી પડે કે. ‘આ કુલ્લિયાતમાં, મારા અગાઉના કાવ્યસંગ્રહો : પરિવેશ, મોસમ, વિશ્વાસ, આમંત્રણ, તલબ, એની શેરીમાં, ગુલમોરના ઘૂંટ, રેલો અષાઢનો, ચંપો અને ચમેલી, તડકો તારો પ્યાર અને હવાનાં પગલાંમાંની મારી ચુનંદા ગઝલ, નઝમ (છાંદસ, અછાંદસ) ફ્રી વર્સ, બ્લેન્ક વર્સ, મુક્તક, માહિયા, ગીત, દુહા, હાઈકુ તથા અન્ય તાજા કલામનો સમાવેશ કરવામાં આવ્યો છે. આવશ્યક સુધારાવધારા કરાયા હોવાથી આ કુલ્લિયાતમાંની મારી કવિતાના વર્ઝનને અંતિમ લેખવામાં આવે એ જ વિજ્ઞપ્તિ.’ (એક વિજ્ઞપ્તિ, પૃ.૮) સર્જક આવી વિનંતી એટલા માટે કરે છે કે તેમણે પોતાના સમગ્ર સર્જનને પ્રકાશિત કરતી વખતે તેમાં સુધારા-વધારા કર્યા છે. તેમને જે સારું નથી લાગ્યું એ કાઢી પણ નાંખ્યું છે.

આ સંગ્રહ વિશે વાત કરતાં રશીદ મીર કહે છે કે, ‘ઉર્દૂની જેમ ગુજરાતીમાં પણ ગઝલકારો હવે પોતાની ગઝલોનો સંચય પ્રગટ કરવા લાગ્યા છે તેથી ભાવકો અને અભ્યાસુઓને એક સર્જકને સમગ્રતયા પામવાનું માધ્યમ સરળતાથી શક્ય બને છે. ‘કુલ્લિયાતે દીપક’માં ગઝલો ઉપરાંત નઝમ, કતઅ, શેર, છાંદસ,

અછાંદસ કાવ્યો, ફ્રીવર્સ, બ્લેન્ક વર્સ, દુહા, ગીત, હાઈકુ, માહિયા વગેરે કાવ્યપ્રકારોનો પણ સમાવેશ થયો છે. એ પૈકી કાવ્યપ્રકાર માહિયાને ગુજરાતી કાવ્યસાહિત્યમાં અવતારવાનું શ્રેય દીપક બારડોલીકરને ફાળે જાય છે. (ગઝલિસ્તાનનો યાયાવર શાયર, ડૉ. રશીદ મીર, ઘબક, ડિસેમ્બર-૨૦૦૮, પૃ. ૩૯) આ માહિયા એ મૂળે પંજાબી ભાષામાં પ્રયોજાતું સાહિત્ય સ્વરૂપ છે.

સર્જકનું મોટાભાગનું સર્જન ગઝલ પ્રકારનું રહ્યું છે. પોતે બાળપણમાં ઉર્દૂ ભણ્યા છે તેનો લાભ પણ તેમને અહીંયા મળ્યો છે એવું સ્પષ્ટ પણે દેખાઈ આવે છે. ગઝલમાં રદીફ અને કાફિયા એ તેનો પ્રાણ કહેવાય છે. કાફિયા અને રદીફ વગર ગઝલ સંભવી ન શકે એવું ઘણા બધાં વિદ્વાનોનું પણ માનવું છે ત્યારે સર્જકની ગઝલોમાં દેશ, સ્વદેશ, વિદેશ, પરદેશ જેવા શબ્દો રદીફ, કાફિયા કે શીર્ષક તરીકે જોવા મળે છે. આવા થોડાં ઉદાહરણ જોઈએ તો 'વતન યાદ છે', 'અમારાં દેશની માટી', 'ખફો ખેતરના દેશમાં', 'દેશમાં લોકો', 'અમે પરદેશમાં', 'દેશમાં પરદેશમાં', 'શું આ દેશ વિદેશ', 'ઓ મારી જન્મભૂમિ' 'ગોરી તારા દેશમાં' વગેરે. એવું એટલા માટે પણ છે કે સર્જક ભારત, પાકિસ્તાન અને અંતે બ્રિટન ત્રણેય જગ્યાએ ત્રણ ત્રણ દાયકાઓ સુધી રહ્યા છે. ત્રણેય જગ્યાઓ સાથે તેમને લાગણી છે. ભારતની બારડોલી તેમની જન્મભૂમિ છે તો પાકિસ્તાનમાં સિંધ અને કરાંચી તેમની કર્મભૂમિ છે. ૧૯૯૦ પછી સર્જક બ્રિટનમાં સ્થાયી થાય છે એમાં પણ પોતાની મજબૂરી હતી તેવું તેમના જીવનની ઘટનાઓને જાણ્યા પછી સમજાય છે. આમ, જન્મભૂમિથી માંડી કર્મભૂમિ અને પછી છેલ્લે જ્યાં તેઓ હાલે સ્થાયી છે તેવા બ્રિટનને વારંવાર તેઓ પોતાની ગઝલોમાં આલેખતાં રહ્યાં છે. સર્જકને બારડોલી અનાયાસે છોડવું પડ્યું છે એનો આક્રોશ વિશેષ પણે તેમની ગઝલોમાં પ્રગટ્યો છે. આ ઉપરાંત તેમની ગઝલોમાં વતન પ્રેમ પણ છે વતનની યાદ પણ છે અને વતન ઝુરાપો પણ છે. વતન અને વિદેશની સરખામણી પણ છે તો ક્યાંક પીડા છે અને અંતે નિયતિનો સ્વીકાર છે.

- આક્રોશ અને પીડા

ભારતમાંથી તેમને પાકિસ્તાની નાગરિક કહી તરછોડી દેવામાં આવે છે તો પાકિસ્તાનમાં પણ તેમને એક પત્રકાર હોવાને લીધે ત્રણ મહિનાનો જેલવાસ ભોગવવો પડે છે આખરે તેઓ બ્રિટન ચાલ્યા ગયા. આ બધા સ્થળાંતરોની પીડા સ્વરૂપે તેઓ કહે છે કે,

એટલે છું યુરોપમાં 'દીપક'
એશિયાએ તો શેકી નાખ્યો છે. (પૃ.૧૪૭)

આ બધા સ્થળાંતરો માત્ર જીવતા રહેવા માટે થયેલા છે. વતન વિચ્છેદની પીડા નાસૂર બનતી જાય છે ત્યારે જીવન ખાતર વેઠેલી પીડાઓનું બયાન કરતાં પોતે 'બીજું શું જોઈએ' નઝમમાં કહે છે કે,

બીજું શું જોઈએ તને જીવન!
તારી ખાતર છે દેશ પણ છોડ્યો

મોજમસ્તીનો વેશ પણ છોડ્યો
તારી ખાતર તમસને મેં પોંખ્યું
ને સુવાસિત ઉજેશ પણ છોડ્યો
કષ્ટના પાવાગઠ ઉપાડ્યા મેં
ને જિસમ પર જખમ સજાવ્યા મેં
બીજુ શું જોઈએ, તને જીવન ! (પૃ.૨૪૪)

આ વતન એટલે કોઈ એક જગ્યા માત્ર નહીં. એક જગ્યાની સાથે સાથે ઘણું બધું છૂટી જતું હોય છે. જેમકે, સ્વજનો, મિત્રો, ભાષા, સંસ્કૃતિ વગેરે. વતનથી છૂટા પડવાને લીધે જ પોતાની જનેતાની ઇચ્છા હોવા છતાં પોતે તેમને છેલ્લી વખત મળી પણ નથી શકતા. તદુપરાંત, પોતાની બે બહેનો અને મોટા ભાઈની લાશને પણ પોતે કાંધ આપી નથી શક્યા એ પીડાને કયા શબ્દો દ્વારા વર્ણવવી? એટલે જ બળવંત જાની કહે છે, "'વતન' એટલે શું તે તો વતનવિછોયાને પૂછીએ તો જ પામી શકાય. દીપક બારડોલીકરના આંતરમનનો લગાવ 'વતન' સંદર્ભે માત્ર ગુજરાત પૂરતો જ સીમિત નથી. આ સર્જકનું શૈશવ બારડોલીમાં વીત્યું, યુવાની પાકિસ્તાનમાં વીતી અને અત્યારે વયસ્ક અવસ્થામાં તેઓ માંચેસ્ટર-બ્રિટનમાં સ્થિત છે. આ સર્જકે પોતાના ચિત્તને 'વતન'થી. (ભારત, પાકિસ્તાન બંને) કદી દૂર થવા દીધું નથી." (દીપક બારડોલીકરની ડાયસ્પોરા કવિતા, સંપાદકઃ બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૦, પૃ.૨૯)

આમ, વતનથી વિખૂટા પડ્યા પછી અફસોસ વ્યક્ત કરતાં સર્જક બે શેર દ્વારા એવું પણ કહે કે,

શું હવે કરવી કોઈ ફરિયાદ પણ
યાદ ક્યાં છે અમને અત્યાચાર પણ
ઠામઠેકાણાં આ 'દીપક'નાં ઘણાં
સિંધ છે, ઇંગ્લેન્ડ ને ગુજરાત પણ (પૃ.૩૭)

વતનની વાત પણ હવે કોઈ કરે છે તો તે વસમી લાગે છે. જીવનમાં જીવતા રહેવા માટે એટલી બધી જગ્યાએ ભટકવું પડ્યું છે કે સફર જ જાણે નિયતિ બની ગઈ છે એટલે એવું પણ કહે છે કે,

શું મુલક, કેવો મુલક, ક્યાંનો મુલક
શ્વાસ ખૂટ્યા, પણ નથી ખૂટી સફર (પૃ. ૧૮૯)

તેમ છતાં વતનથી વિખૂટા પડ્યાની આ બધી સફરમાં થયેલા અનુભવો અને સહેલા દુઃખોની દાસ્તાન કહેવી તો કહેવી કોને? આખરે શબ્દો જ સહિયારો બને છે અને સર્જક 'કારણ ન પૂછ'માં વતન વિચ્છેદ અને ઘરઝુરાપાની વ્યથાને સાંકળી આપવીતી વ્યક્ત કરે છે. પ્રથમ ભારત પછી પાકિસ્તાન અને પછી લંડન

વણઝારા જેવી સ્થિતિ અસહનીય બને છે. પોતાનું ગામ હવે પોતાનું રહ્યું નથી. જ્યાં જીવવાના ખ્વાબ જોયા તે વતનની જમીન હવે તેમની નથી રહી એટલે કહે છે કે,

દેશ-દેશે બસ ભટકવાનું રહ્યું
ગમસલીબો પર લટકવાનું રહ્યું. (પૃ.૨૭૪)

આ બધી ઘટનાઓ દરમ્યાન ઘણું બધું સહન પણ કરવું પડ્યું. આ વેદનાને યાદ કરવાથી પણ દર્દ સિવાય કશું જ મળતું નથી. આથી કહે છે કે,

જુલ્મ એવા થયા શ્વાસોય ચીસ
ફૂલને પણ જોઉં તો લાગે છે બીક
હું નથી લેતો હવે ખસવાનું નામ
મારાં આંસુઓનું તું કારણ ન પૂછ! (પૃ.૨૭૪)

જે વતનની માટીને પ્રેમથી માથે ચડાવી તે દેશમાંથી જ તેમને જાકારો મળ્યો એટલે પ્રેમ, પીડા અને ઝખમ આક્રોશ સ્વરૂપે પણ પ્રગટે છે. તેમને દેશમાંથી જાણે કાંઈ જ મળ્યું નથી. ના દિલસોજી, ના પ્રેમ. એનું બયાન 'ખાફોખતરના દેશમાં' ગઝલમાં થયું છે. આ આક્રોશની પીડા ક્યારેક ચિત્કાર કરી ઉઠે છે.

દીપક ગલીને ગામશું, દરિયો વટી ગયો
પીછો હવે તો છોડો એ ખાના ખરાબનો. (પૃ.૧૨૧)

જીવનમાં એટલું બધું દર્દ સહન કરવું પડ્યું છે કે એ દુઃખ, દર્દની આદત પડી ગઈ છે. આથી કહે છે કે,

જુલ્મ જોયા ને ગયો ભય જુલ્મનો
કોઈ જાલિમથી હવે ડરતા નથી (પૃ.૫૪)

સ્વજનો ગુમાવ્યાની વેદના પણ તેમને છે એટલે જ કહે છે કે,

હવે તો છાંયડો પણ ત્રાસ આપે છે
મને ત્યાગી ગયું છે કોઈ તડકામાં (પૃ.૧૧૬)

આમ, સર્જકના સાહિત્યને પીડામાંથી જન્મેલું સાહિત્ય કહેવું એ કંઈ ખોટું નથી. તો, બળવંત જાની તેમના સાહિત્ય વિશે વાત કરતા એવું કહે છે કે, 'પ્રારંભથી જ ખરા અર્થમાં નિર્વાસન પામતા રહેલા, પોતાના માતૃભૂમિના સમાજથી અવગણના પામીને પણ પોતાપણું પ્રગટાવી શક્યા, વિલાયા નહીં પણ વિકસ્યા. સહજ રીતે જ સ્વભાવમાં કડવાશ પ્રવેશે, અકડપણું પોતાનો સ્વભાવ બની જાય, કારણ કે જાતે વેંઢારેલા સીતમો, અકારણ આવી પડેલી આપદાઓ માટે નિયતિને કે પોતાને કારણભૂત ન માનીને પોતાનાઓએ જ આ પરિસ્થિતિમાં મૂક્યો છે. આવી પ્રતીતિનો પ્રતિઘોષ દીપક બારડોલીકરના સર્જનમાંથી સંભળાય છે.' (દીપક બારડોલીકરની ડાયસ્પોરા કવિતા, સંપાદકઃ બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ

૨૦૧૦, પૃ.૨૨) તેમ છતાં સમય જતાં બધું વ્યવસ્થિત થવા માંડે છે એ વાત સ્વીકારીએ પણ મનમાં ઘર કરી ગયેલી વેઠેલી વેદના તો હંમેશા યાદ સ્વરૂપે સંઘરાયેલી જ હોય છે. બહારથી બહુ શાંત ભલે લાગતું હોય પણ અંદર તો એના અવશેષો રહી ગયેલા હોય છે. જેમકે,

બુઝેલાને બુઝેલા ના ગણો 'દીપક'
બુઝેલી આગમાં તો હોય તણખા પણ (પૃ. ૧૧)

આમ, દુનિયાના ત્રણ ત્રણ દેશો ખૂંદી વળ્યા પછી તેમની પાસે શું બચ્યું એવો કોઈ સવાલ કરે તો તેમની પાસે એક જ જવાબ છે,

ચૂકતે કીધો અમે સૌનો હિસાબ
લોહીનીંગળતું હૃદય છે શેષમાં (પૃ. ૯૮)

તો આખરે આખી દુનિયાને સર્જકે હવે પોતાના વતન તરીકે સ્વીકારી લીધેલ છે એટલે કહે છે કે,

દુનિયાભરમાં પ્રગટે 'દીપક'
દુનિયા છે દીપકનો દેશ (પૃ. ૪૧)

- લોકશાહી અને રાજકારણ પર કટાક્ષ

બ્રિટનમાં રહેતા સર્જક જ્યારે દેશની વાત કરે ત્યારે એ દેશ એટલે ભારત પણ ખરો અને પાકિસ્તાન પણ ખરો. તો બીજી રીતે જોઈએ તો ૧૯૪૭ના ભાગલા પહેલા આ બન્ને દેશ એક જ હતા. સર્જકે આ બન્ને દેશને એક દેશ તરીકે જોયા છે, એમાં જીવ્યા છે. પણ આઝાદી પોતાની સાથે ભાગલાનું જે કડવું ઝેર લાવી એના લીધે આ દેશના લોકો એકબીજાના દુશ્મન બની ગયા છે. ભાગલા વખતે ખેલાયેલો ખૂની ખેલ કવિએ પોતાની સગી આંખે જોયો છે. આ બધી હિંસા થવા પાછળનું એક મોટું કારણ તે વખતનું રાજકારણ પણ છે. એટલે આ સમયના રાજકારણ પર કવિ ગુસ્સે થાય છે અને 'દેશમાં પરદેશમાં' ગઝલ દ્વારા પોતાનો આક્રોશ આ રીતે વ્યક્ત કરે છેઃ

થાય જ્યાં ઇન્સાન ખુદ હેવાન પણ, શેતાન પણ
છે ઘણા એવા મુકામો દેશમાં પરદેશમાં (પૃ. ૨૨૫)

'દેશમાં લોકો' ગઝલ દ્વારા પણ સર્જક આ જ વિષયને આલેખતાં કહે છે કે,

આપણું માથું હતું, લોહી હતું
દોસ્તોના હાથમાં પથ્થર હતા
જાગ્યો ત્યારે સાવ સૂનું ઘર હતું
ખાબમાં 'દીપક' ઘણા અવસર હતા (પૃ.૯૩)

ધર્મ, માનવતા, લાગણી, શ્રદ્ધા બધું જ આ ભાગલાઓ વખતે નેવે મૂકી દેવામાં આવ્યું હતું. એટલે કવિનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી જાય છે. ભાગલા પડવાના લીધે જ તેઓને પાછળથી પોતાના માદરે વતનમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતાં આથી તેઓ કહે છે કે,

હાથમાં લૈને ફરો કાનૂન, દોલત હોય તો
શું અદાલત, શું સજાઓ દેશમાં પરદેશમાં
દેશમાં પરદેશમાં ગાયા કરો બસ દેશ દેશ
સર્વને ઉલ્લુ બનાવો દેશમાં પરદેશમાં (પૃ. ૨૨૫)

ઉપર કહ્યું તેમ આ પંક્તિઓમાં સર્જકની વેદના અને આક્રોશ મુખર થઈને પ્રગટ થાય છે. સર્જક આથી જ લોકશાહી પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરતાં કટાક્ષ કરે છે કે,

લોકશાહી માટે પણ
ઘણી વાર
ઘણી પ્રજાને
કતલખાનામાંથી પસાર થવું પડે છે. (પૃ. ૪૦)

લોકશાહી ભારતની હોય કે પાકિસ્તાનની બને જગ્યાએ પરિસ્થિત સરખી જ દેખાય છે આથી તેમની તુલના કરતાં સર્જક કહે છે કે,

લોકશાહીનાં રંગઢંગ
દેશે દેશે અલગ,
ક્યાંક કાબર
ક્યાંક જટાયુ
ક્યાંક ઉલૂક ! (પૃ. ૪૩)

તો આ જ આક્રોશ એક મુક્તક દ્વારા નીચે મુજબ પ્રગટ થાય છે,

ના કોઈ સિદ્ધાંત, ના કોઈ ઉસૂલ
હેમ દેખીને બધા લલચાય છે
હોય પશ્ચિમના કે દેશો પૂર્વના
વિશ્વભરમાં આદમી વેચાય છે (પૃ. ૧૯૬)

આ લોકશાહીના ચોકીદારો એટલે કે રાજકારણીઓ કેવા હોય છે તેની એક તસવીર આ શબ્દોમાં ઝીલાઈ છે.

બોર ઝુંટવી લીધાં
ઠળિયા પાછા આપે છે

એમ દેશને ચાવે
જાણે પાન ચાવે છે (પૃ. ૭૦)

અને આમ, પણ પેલી કહેવત છે ને કે 'જેવો રાજા, તેવી પ્રજા'. તો પછી લોકશાહીમાં રાજા થઈ બેઠેલા આ નેતાઓ જ આવા હોય તો ત્યાંની પ્રજા પાસેથી પણ સારપની આશા રાખવી નઠારી છે. તેથી આ લોકો હવે હેવાન બની બેઠા છે. મનફાવે તેમ વર્તન કરતાં લોકોની એક ઝલક નીચેના મુક્તકમાં જોઈએ,

શરાફતની કરી છે ઐસી-તૈસી
શરાબો ઢીંચી દાદા થૈ ગયા છે
હસે છે વસ્તીઓને આગ ચાંપી
આ લોકો સાવ નાગા થૈ થયા છે (પૃ. ૨૭૬)

'આવું ચાલે છે' નઝમમાં કોઈ ડાયસ્પોરા પોતાનું વતન છોડી પરાયા મુલકમાં જાય છે ત્યારે ત્યાં ગયા પછી તેની સાથે જે બનાવો બને છે તેની વાત કરાઈ છે. રાજકીય પરિસ્થિતિ ડામાડોળ થાય અને કાયદાને નેવે મુકવાની ઘટનાઓ બને ત્યારે સૌથી પહેલા નિશાના પર આવા ડાયસ્પોરા કે જે માઇનોરિટીમાં હોય તે લોકો જ આવતા હોય છે. આબરૂથી માંડી જીવન ગુમાવવા સુધીના કૃત્યો આવા લોકો પર થતાં રહે છે. સામે પક્ષે બળજબરીથી સત્તા પર આવી ચડેલ પક્ષ ભ્રષ્ટાચાર કરવામાં કોઈ કસર છોડતું નથી. જ્યાં ભાઈચારાની જરૂર હોય ત્યાં તલવારો ચાલે છે, સાચા અને ઇમાનદાર લોકો આનો પહેલા ભોગ બને છે. એટલે સર્જક કહે છે તેમ,

અહીં ખુરશીની 'જય-જય' થાય દેખો
ઉસૂલો ગોળીએ દેવાય, દેખો
ખપે માણેકમાં મારગના પથ્થર
અહીંયાં આવું ચાલે છે, બિરાદર! (પૃ. ૨૭૭)

જે ગુજરાત એકસમયે સત્ય, અહિંસાના પ્રણેતા એવા ગાંધીનું ગુજરાત કહેવાતું હતું તે ગુજરાતમાં પણ હવે રાજકારણ પ્રવેશ્યું છે અને દંગા તથા કોમી રમખાણો થવા લાગ્યા છે ત્યારે ગુજરાતના રાજકારણ પ્રત્યે પણ તેમને રોષ જાગે છે,

આંધળી બહેરી છે ખુરશીઓ કદાચ
વાઘવાડામાં છે બકરીઓ કદાચ
મોતનો એક રાગ છે ગુજરાતમાં !
શેરી શેરી આગ છે ગુજરાતમાં ! (પૃ.૨૬૩)

આ ખુરશીઓ એટલે નેતાઓ અને બકરીઓ એટલે પ્રજા એવું કોઈનેય પણ પહેલી વખતમાં જ સમજાઈ જાય. તો આવું થવાનું કારણ તેમની બીજી રચનામાંથી મળે કે,

દ્વેષાઈ ગયો માહોલ અને
સંસ્કારનો દીવો હોલાયો
ઇન્સાનની અઝમતના ઉત્તમ
સૌ ખ્વાબ અહીં બરબાદ થયા
વિષચક્ર હતું એક શૈતાની
ઇન્સાન અહીં હેવાન થયા
શોણિતના ફુવારા છલકાયા
ને ભૂતપલિતો હરખાયા (પૃ.૨૬૫)

'નેતા અને નિવેદન'માં સર્જક નેતાઓને ચકલાં અને કાબરો સાથે સરખાવે છે. કેમકે, ચકલાં અને કાબરોની જેમ નેતાઓ પણ આખો દિવસ બોલબોલ કરી નિવેદનો ઉપર નિવેદનો આપ્યા કરે છે; કરવાનું એકેય સારું કામ કરતાં નથી હોતાં. પણ આવું ક્યાં સુધી જોયા કરવાનું! સર્જકને ઇચ્છા થાય છે કે આ પરિસ્થિતિમાં હવે પરિવર્તન લાવવાની જરૂરત છે આથી તેઓ એક સલાહ આપે છે કે,

આ રાજકારણ તો
ગંધાઈ ઊઠ્યું છે માનવલોહીથી
ચાલો,
નાખીએ એને
આટલાંટિક ઓસનમાં કે
ધોવાઈને સ્વચ્છ થાય ! (પૃ. ૪૮)

આ વાત તો થઈ રાજકારણની. પણ સર્જક તો ન્યાય પાલિકાથી પણ ત્રસ્ત થયા છે. જે અદાલતે એક સમયે તેમને ભારતના નાગરિક તરીકે માની તેમને ભારતમાં રહેવાની છૂટ આપેલી તે જ અદાલત દ્વારા પાછળથી અચાનક જ તેમને ભારત છોડી દેવાનું ફરમાન સંભળાવવામાં આવે છે. આ માટે જ 'અકિંચનની આશંકા' દ્વારા અદાલતો પર કટાક્ષ કરતાં કહે છે કે,

એક અકિંચન આદમીએ
આંખોમાં આશંકા ભરીને પૂછ્યુંઃ
આ અદાલત છે
અહીં ઇન્સાફ મળશે ને?

અને હું અવાચક રહી ગયો ? (પૃ.૩૧૬)

આ કટાક્ષ ઉગ્ર રૂપ ધારણ કરે છે અને શબ્દો દ્વારા પ્રગટે છે,

મારી દો કોરટને તાળાં

ચાલે છે થાણામાં ખટલો

લૂલો મારે લાત, ગજબ છે

ને ઠૂંઠો મારે છે ટપલો (પૃ. ૨૦૨)

જીવનમાં કવિને એટલા બધા જખ્મો મળ્યા છે કે એ હવે એમને અંગની શોભા જેવા લાગવા લાગ્યા છે. તો પોતાનાથી બનતી તમામ કોશિશો કરી લીધી હોવાથી સર્જક પણ આખરે અદાલતનો હુકમ માની પોતાનું વતન છોડી ચાલ્યા જાય છે. પણ કવિ પોતાની આપવીતી ભૂલતા નથી. શબ્દો દ્વારા એને દુનિયા સમક્ષ મૂકે છે જેથી લોકોને પણ ખબર પડે કે તેમણે કેવી કેવી યાતનાઓ સહન કરી છે,

ગુનેગારોની શેઠાઈના છે દિવસો

બહુ ‘બળવાન’ છે સરકાર, જાણું છું (પૃ. ૨૨૦)

સરકારનો ફેંસલો તેમને અનાયાસે પણ સ્વીકારવો પડે છે એટલે કહે છે કે,

આંચકી લો ઉજાશ ‘દીપક’નો

છૂટ્યાં ફરમાન છે હકૂમતનાં (પૃ. ૧૯૯)

હકૂમતના આવા ફરમાનોને લીધે જ કવિએ પોતાની જન્મભૂમિ ભારતથી અલગ થવું પડ્યું છે. પાકિસ્તાન છોડી બ્રિટનમાં વસવાટ કર્યા પછી કવિને વિશ્વની પાંચ મહાસત્તા કહેવાતાં દેશોની વધારે નજીકથી જોવાનું અને જાણવાનું થાય છે. આ મહાસત્તાઓ પોતાનું પલણું હંમેશા ઉચું રાખવા મથે છે. એ માટે થઈને એ કોઈ પણ હદ સુધી જતા ખચકાતી નથી. એટલે જ મહાસત્તાઓ પર કટાક્ષ કરતાં કવિ નોંધે છે,

મહાસત્તા

કશું ખોટું કરે નહીં,

એ જે કાંઈ કરે એને

સારું કહો

સાચું કહો.

આપણી અસ્મિતાને

સત્યને

ઇન્સાફને

હિન્દી મહાસાગરમાં નાખો

બન્ને હાથમાં લાડુ ઝાલો
અને ગળું ફાડીને કહો
મહાસત્તા ઝિંદાબાદ! (પૃ.૩૧૦)

આ જ ભાવ ‘સુપર દાદાગીરી’ મુક્તકમાં પણ ઘૂંટાય છે. મહાસત્તાઓ પોતાનું ધાર્યું કરાવવા માટે કેટલી હદે જઈ શકે તેની વરવી વાસ્તવિકતા અહીં વ્યક્ત થઈ છે.

આપણી દાદાગીરી ના સ્વીકારે
એવા દેશોને ડરાવો, બૉંબ ફેંકો
હુક્કાપાણી બંધ કીધે ન માને
તો પછી લશ્કર ઉતારો, દેશ ફેંદો (પૃ.૩૧૫)

- વતનની યાદ

તેમની રૂહમાંથી વતન ક્યારેય છૂટ્યું નથી. એક નાની લહેરખી પણ તેમને વતનની યાદ અપાવી દે છે. તેઓ તો હજુ વતન છૂટ્યું એ ક્ષણમાં જ થીજી ગયા છે. તેમની યાદોમાં હજુ વતનના ચહેરાઓ ઘુમરાય છે.

હોય છે દિવસે ન અમને હોશ પણ
સાંજે ફફડે હંસલો પરદેશમાં (પૃ.૯૬)

વતની વિખૂટા પડતી વખતની વેદનાને વ્યક્ત કરતા સર્જક કહે છે કે,

ગુડ બાય, ભલી ગુજરાત!
ના છે કોઈ ગામ, ગલી, ઘર ના છે કોઈ દેશ
વણજારા-શો ખેલ અમારો, વણજારા-શો દેશ
અણખૂટ મનમિરાત
ગૂડ–બાય, ભલી ગુજરાત ! (પૃ.૩૧૭)

વતનથી વિખૂટા પડ્યા પછી પણ ભુતકાળની યાદો તેમને હંમેશા આવ્યા કરે છે. આ યાદો હવે પીડાદાયક બની રહે છે કેમકે, સ્વજન અને વતનની સાથે સાથે જે કંઈ પણ છૂટી ગયું છે તે હવે ક્યારે પાછું મળવાનું નથી એ હકીકતને પણ કવિ પૂરી રીતે જાણે છે. એટલે કહે છે કે,

ઘડીભર ચેન ક્યાં અમને મળે છે
દિલે આઠે પ્રહર કાંઈ બળે છે (પૃ.૪૮)

દિવસ તો કામકાજમાં નીકળી જાય છે પણ રાત પડે છે ને એકલા પડાય છે તેવો જ ભૂતકાળ પાછો પોતાની યાદોના ભરડામાં સર્જકને જકડી લે છે.

છે ભેદોના પટારા રાત પાસે

ઘરેઘરના એ કિસ્સા સાંભળે છે (પૃ.૪૮)

પચ્ચીસ વર્ષ જે 'ડોન-ગુજરાતી' દૈનિકમાં કાર્ય કર્યું એની યાદો ભૂલાતી નથી. પાકિસ્તાન છોડી બ્રિટનમાં સ્થાયી થવા છતાં હજી પણ સર્જકને સ્વપ્નઓમાં પોતાના એ દિવસો યાદ આવે છે. એટલે કહે છે કે,

હજી હું જાઉં છું 'ડોન'ના દફ્તરમાં

મારી ખુરશી સંભાળું છું

સમાચારો તારવું છું

તરજુમા કરું છું, મથાળાં બાંધું છું

લેખોય લખું છું (પૃ.૩૧૮)

તેમની યાદોનો સૌથી મોટો ભાગ વતન અને એમાં પણ બારડોલી રોકે છે.

એમનું જો ઘર મળે

બારડોલીકર મળે. (૧૦૦)

જનની અને જન્મભૂમી ક્યારેય વિસરાતી નથી અને તેની સાક્ષી આ મુક્તક પૂરે છે.

રૂડું પુણ્યશાળી વદન યાદ છે

એ મમતા નીતરતાં નયન યાદ છે

પછી કેમ ભૂલું તરુ ગામનાં

મને મારી માનું કથન યાદ છે (પૃ.૧૪)

આવો એક સરખો ભાવ આ શેરના શબ્દોમાં રજૂ થયો છે.

નથી શક્ય ભૂલાય 'દીપક' કદી

ગલી, ગામ, ઘર ને વતન યાદ છે (પૃ.૫૮)

આ વતન એટલે સિંધ અને ગુજરાત બંને

ગુલાબો જેવું છે આ સિંધ મારું

ગમે તું પણ અને ગુજરાત તારી (પૃ.૧૦૨)

'અમારા દેશની માટી' ગઝલમાં સ્વદેશાભિમાન ભારોભાર છલકાય છે પોતે ગમે ત્યાં હશે એમની આંખોમાં, અંતરમાં, યાદોમાં હંમેશા વતન રહેશે તેમને માન છે, ગર્વ છે પોતાના દેશ પર અને એટલે જ કહે છે.

અદબપૂર્વક ઉપાડું છું અમારા દેશની માટી

ને નાખી શિરમાં, નાચું છું અમારા દેશની માટી (પૃ. ૮૩)

આ ગઝલમાં કવિએ 'અમારા દેશની માટી'ને રદીફ તરીકે ઉપયોગ કર્યો છે. આ માટી દ્વારા પોતાના અંતરમાં પડેલી દેશપ્રેમની ભાવનાને તેમણે વ્યક્ત કરી છે. આ રચના વિશે બળવંત જાની એવું કહે છે કે, "... પ્રથમ પુરૂષ બહુવચન 'અમારા'માં માત્ર આ સર્જકની જ નહીં પરંતુ ડાયસ્પોરા પરિસ્થિતિમાં મુકાયેલા પ્રજાસમૂહની સામૂહિક સંવેદના અહીં શાબ્દિક અભિવ્યક્તિ પામે છે. 'અમારા દેશની માટી' ઉક્તિમાં રહેલી વતન પ્રત્યેની અસીમ અભિપ્સા વળી, એને અદબપૂર્વક ઉપાડવાની ક્રિયામાં વતન પ્રત્યેનો સ્નેહાદર વ્યક્ત થયો છે. આ માટીનું ખેંચાણ, એના પ્રત્યેનું વહાલ એવું તો સહજ ને નરવું છે કે એને આલેખવા કવિએ 'નાખી શિરનાં નાચું છું અમારા દેશની માટી' પંક્તિમાં પ્રગટાવ્યું છે. દેશની માટીમાં રહેલું ચુંબકીય તત્ત્વ એવું તો પ્રબળ છે કે એ જો પાસમાં, સાથમાં હોય તો દેહમાં રોમેરોમ પ્રાણ પ્રગટે છે." (દીપક બારડોલીકરની ડાયસ્પોરા કવિતા, સંપાદકઃ બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૦, પૃ.૩૦) તો આખરે પોતે પોતાના વતન ક્યારેય પાછા ફરી નહીં શકે એની જાણ હોવાથી કહે છે કે,

સમદંર પાર ક્યાંના ક્યાં વિલય પામી જશું 'દીપક'
સુલભ નહિ થાય, જાણું છું, અમારા દેશની માટી (પૃ. ૮૩)

જેમ હેડકી આવે તો કોઈ યાદ કરે એવી માન્યતા આપણે ત્યાં ફેલાયેલી છે એમ જ અહિ યાદને કવિ સંપેતરું કહે છે.

આ છે 'દીપક' કીંમતી સંપેતરું
દેશથી આવી છે કોઈની સલામ (પૃ.૧૬૪)

કરાંચી તેમને બારડોલી જેટલું જ વહાલું રહ્યું છે. એટલે સુરત અને કરાંચીનો ઉલ્લેખ પણ જોવા મળે છે.

લંડનમાં પણ મારું સુરત
મનભીતર સળવળવા લાગ્યું
પાછળ શું એ મૂરત બેઠી
ગાડું છે ઊલળવા લાગ્યું (પૃ.૧૯૩)

'મારું શહેર' ગઝલમાં તેમનો કરાંચી પ્રત્યેનો પ્રેમ અને ગર્વ છલકાય છે. કરાંચીની રંગીન દુનિયા ત્યાંની ઋતુઓ, તેની સંપતિ, તેના સંકટો દરેક બાબત નિરાળી છે. જાણે પારસનો સ્પર્શ હોય માદરે વતનમાં તેવું કરાંચી લાગે છે.

કરાંચી શું છે, મારા યારની શેરી
તમીઝોની છટાની, પ્યારની શેરી
અહીં નિઃશંક છે મુજ પ્યાસનો ઉત્તર
મને અભિમાન છે, મારા કરાંચી પર! (પૃ. ૨૫૪)

'શેરી શેરી આગમાં' ગુજરાતને યાદ કરે છે. પહેલાનું ગુજરાત અને હાલનું ગુજરાત કેવું છે તે જણાવતા પોતે જોયેલા આ શહેરોનું આલેખન કરે છે. જ્યાં એક સમયે કિલ્લોલ હતો, પ્રસન્નતા હતી, ભાઈચારો હતો, સુખ દુઃખની વહેચણી થતી ત્યાં આજે લોહી તરસ્યા ભેડીયાઓએ માણસાઈને નેવે મૂકી દીધી છે.

મોતનો એક રાગ છે ગુજરાતમાં
શેરી શેરી આગ છે ગુજરાતમાં (પૃ. ૨૬૩)

'અમૃતનો પ્યાલો પિવરાવો' ગઝલમાં ગુજરાત પ્રત્યેની અનુકંપા જોવા મળે છે. અહિ પણ આગળની જેમ પ્યાર, મહોબ્બત અને ભાઈચારાથી ભર્યું ગુજરાતનું જીવન યાદ કરે છે. વિશ્વમાં ગુજરાત શા માટે વખણાય છે તે વારસાને જાળવી રાખવાની દેશવાસીઓને હાકલ કરે છે

કે ગુંજે કણ-કણમાં આ રાગ
છે ખુબ ભલી ગરવી ગુજરાત
ગુજરાત, ઓ લીલીછમ ગુજરાત
સુખચેન તણી સંપત ગુજરાત (પૃ. ૨૬૬)

'આપણું સુરત' ગઝલમાં તેમના હૃદયમાં ધરબાયેલ સુરતની મુરત ખડી થાય છે જ્યાં ખાનદાની, ખુશી, પ્રેમ છે. દુઃખોનો ઉપાય શોધી લેતા માનવીઓ છે. દરિયા કાઠે પોતાનામાં આવકારી લેતું સુરતનો જાદુ આ કાવ્યમાં રજુ થયો છે.

દેશભરનાં પરિંદા આવે છે
ચણ લુટાવીને રાચતું સુરત
દરીયાદારીયે હેઠ છે 'દીપક'
એવું અદભૂત તલાવડું છે સુરત. (પૃ. ૨૮૧)

'યાદ હું આવીશ' અને 'ઓ મારી જન્મભૂમિ'માં સર્જક બારડોલીમય બની જાય છે. પોતે ભલે બારડોલીથી જોજનો દૂર હોય પણ બારડોલીની યાદો સાથે જીવે છે. જે બારડોલીમાં તેમનું બાળપણ વીત્યું છે જ્યાં યુવાનીના ડગ માંડ્યા છે એ બારડોલી તેમના હૈયામાં વસે છે. આ વતનની ધૂળ હજુ પણ તેમના શ્વાસોમાં વહે છે. અને એટલે જ તેઓ બારડોલીકર નામ ધારણ કરી બારડોલીને સદાય સાથે લઈને જીવે છે.

મગર ઓ બારડોલી, ભોમકા મારી
વિચારું છું તને, હું તારો શાયર છું
રીઝાવી દઉં તને મોતીની સોગાતે
કે હું ખ્યાલો અને ખાબોનો સાગર છું
મહોબત છે મને વનરાઈથી તારી

એ તારી વસ્તીઓ, નમણાઈથી તારી
છે તારું નામ મુજ ઉપનામની સાથે
રહે છે જેમ રાધા શ્યામની સાથે. (પૃ. ૨૮૪)

સર્જક બારડોલીને મહાજનની કર્મભૂમિ અને બગાવતની ધર્મભૂમિ કહીને નવાજે છે. માતા પિતાની જેમ જ આ ભૂમિ તેમના અંતરમાં વસે છે. તેમના માટે બારડોલીની શ્રેણીનું કોઈ જ ગામ નથી. વતનના રંગ, સુગંધ, રૂપ, કલરવનો રસ પીધેલ આ શાયર વિદેશમાં પણ એ જ રસનું રાગમાં ગાન કરે છે.

બારડોલી !
ઓ મારી જન્મભૂમિ !
કોઈ ટસટસ પટલાણી-શી
તારી લેલૂર ધારણા સોગંદ
તું હસાવે છે, રડે છે એને
તું કરે છે બેઠા, પડે છે એને
તારા હર ઘરને ગલીમાં રોનક !
દિલની હર કુંજ મહીં ‘ટીહક-ટીહક’! (પૃ. ૨૮૬)

કવિએ જોયેલા બારડોલીમાં અને આજના બરડોલીમાં જમીન આભનું અંતર દેખાય છે. શહેરીકરણ, વસ્તી વધારો, પ્રદુષણ વગેરેની ચપેટમાં આવી ગયેલું આજનું બારડોલી જોઈ કવિને પોતાનું ગામ ખોવાઈ જવાની વેદના થાય છે. આ વેદના ‘મારું ગામ’ મુકતક દ્વારા વ્યક્ત કરતાં કહે છે કે,

ધામધૂમોથી છે છલકાઈ ગયું
આ નગર છે ખૂબ ફેલાઈ ગયું
પણ આ વસતી, વાહનોની ભીડમાં
મારું વ્હાલું ગામ ખોવાઈ ગયું (પૃ.૩૧૨)

વતન જેવી મજા શાંતિ અને મજા ક્યાંય નથી હોતા એનો એકરાર કરતાં કહે છે કે,

ક્યાં એ પ્યારની ખુશબૂ, ક્યાં તમીઝની લિજ્જત
દેશ જેવી તો ક્યાંયે સાંજ પણ નથી મળતી (પૃ.૧૩)

- પશ્ચિમી સંસ્કૃતિ સામેનો સંઘર્ષ

‘છલકાય છે, યારો’ નઝમમાં યારો રદીફ વાપરી બોલચાલની ભાષામાં સર્જક સામાન્ય માણસોને શિખામણ આપતા હોય એ રીતે પોતાની વાત રજૂ કરે છે. આ નઝમમાં બ્રિટનની બદીઓની વાત દિલ ખોલીને કરવામાં આવી છે. દારૂ તો અહીં પાણીની જેમ પિવાય છે, તો નાની નાની વાતમાં લોકો ઉશ્કેરાઈ

જાય છે અને પરિણામ હત્યા સુધીના પણ આવતા હોય છે તેવી વાત સર્જક આ નઝમમાં કરે છે. આ નઝમનો એક શેર જોઈએઃ

સિવિલાઈઝડ છે આ દેશ પણ એવો
કે શેરી શેરી ડ્રગ પીવાય છે, યારો (પૃ. ૨૨૭)

એમને કરાંચી, સિંધ અને ભારત પ્રત્યે હંમેશા પ્રીતિ રહી છે. ભાગલા ભલે થયા પરંતુ તેમને મનતો ભારત અને પાકિસ્તાન બંને તેમના વતન છે. હાલે તેઓ લંડનમાં સ્થિર થયા છે. આ યુરોપીય સંસ્કૃતિ પ્રત્યેનો તેમનો અણગમો તેમની ગઝલોમાં તો ક્યાંક છુટા છવાયા શેરમાં જોઈ શકાય છે. તેમને પરદેશમાં બધા બેઈમાનો લાગે છે. ત્યાંની ઋતુઓ પણ પારકી લાગે છે. વિદેશમાં જાણે મેળા વચ્ચે પણ પોતીકા માણસો ન હોવાને કારણે એકલતા અનુભવે છે.

મૌનની મોઢે મ્હોર લગાવી, એથી થ્યા છીએ ખામોશ
દેશ પરાયો, લોક પરાયા, વાત અમારી બૂજે કોણ (પૃ.૧૧૨)

પરદેશી લોકો સાથે તેમના જેવા જ થઈ જઈ કહે છે.

દોસ્ત તું પહેરી લે ઝભ્ભો ધર્મનો
લૂંટનો છે લાડવો પરદેશમાં (પૃ. ૯૬)

જ્યાં બધું જ ભિન્ન ભિન્ન છે ત્યાં સમાનતાની વાત જ શક્ય કેમ બને. દરેક દેશની તાસીર અલગ હોય છે ભાષા, બોલી, રહેણી કરણી, સંસ્કૃતિ, સભ્યતા બધું જ ભિન્ન છે. તો વિદેશમાં તેમને ઓળખનાર કોઈ નથી. તેમને સમજનાર કોઈ નથી. 'જેવો દેશ તેવો વેશ' એ કહેવત ના છૂટકે અપનાવવી પડે છે.

તું વિદેશી ઢંગમાં ગા, નાચ ટોળું જામશે
કાઢ તારો દેશી ડગલો, કોઈ સાંભળતું નથી
ગુર્જરીનો જામ કર ઇંગ્લિશ મદિરાથી સભર
ખાશે નહિતર તુંયે ટપલો, કોઈ સાંભળતું નથી (પૃ. ૨૨૮)

'શું આ દેશ વિદેશ'માં તેમનો વિદેશી સંસ્કૃતિ પ્રત્યેનો અણગમો તથા હમવતનીની આંધળી દોટ સામે આક્રોશ જોવા મળે છે. જાણે માણસ જંગલી થઈ ગયો છે. પૈસા હોય ત્યાં સુધી જ સબંધો રહ્યા છે. જયારે જીવન રૂપી ભવાઈ ચાલી રહી છે.

ઝાઝા 'શોપિંગ-માલ' ને ખુલ્લા છે સૌ રોડ
જેનું ખિસ્સું જેવડું ત્યાં લગ તેની દોડ (પૃ.૨૫૮)

અંતે વતન ગમે તેવી પીડા આપે પણ આ જુઠા પરદેશ કરતા વતન સો ગણા સારું લાગે છે.

હૈયે વ્હાલી ભોમકા, રગ રગ પ્યારો દેશ

હું છું મારા દેશનો, જુદા સૌ પરદેશ (પૃ.૨૫૮)

વિદેશમાં ગયા પછી પોતાની અસ્મિતા ટકાવવી પણ મુશ્કેલ છે. ચારે તરફથી પશ્ચિમની સંસ્કૃતિના ભરડમાં આવતી જતી પ્રજા એનું મુખ્ય કારણ છે એટલે જ કવિ કહે છે કે,

સૂવરો 'પાઉન્ડ'નાં ચાવી ગયાં
ઈદ ને દીપોત્સવી પણ આપણી (પૃ.૮૮)

વતન છોડી બીજે વસવાટ કર્યા પછી સમજાય છે કે, અજાણ્યા લોકો સહૃદયી બની શકતા નથી. જેમ ભારતમાં નાના મોટા દુઃખો વખતે અનેક સ્નેહી સંબંધી આવી જતા હોય છે તેમ વિદેશમાં જો એવા સુખ દુઃખના સાથીને શોધવા જતા માત્ર પોતાનો જ અવાજ પડઘાય છે.

આ નગરના લોક મૂંગા પણ નથી
ને હૃદયથી વાત કરતા પણ નથી
નામ એનું કોઈ લેતા પણ નથી
છે બધું સૂમસામ, પડઘા પણ નથી
ભાત પગલાંની અહીં ક્યાં શોધવી
દેશ જેવા ધૂળિયા રસ્તા પણ નથી (પૃ.૧૧૯)

જ્યાં તમામ બાબતો વિરોધી છે ત્યાં પછી અપેક્ષાઓ પણ શું રાખવી

છે રીતભાત નોખી, ભાષા અલગ અલગ છે
માણસમાં ના ફરક, પણ મનસા અલગ અલગ છે
મૂલ્યો અમારાં, એનાં થાયે સમાન ક્યાંથી
'દીપક' પ્રદેશ દિલના, સિક્કા અલગ અલગ છે (પૃ.૧૪૫)

'છલકાય છે યારો'માં પાશ્ચાત્ય સંસ્કૃતિ અને તેની રહેણી કરણીનો ચિતાર રજુ કર્યો છે. આ ગઝલની ભાષા પણ ત્યાંની છાપ લઈને આવે છે. ઉનાળા માટે સમર અને સીવીલાઇઝડ જેવા શબ્દ પ્રયોગ કરી તેની સભ્યતા પર પ્રહાર છે. પોતાના મિત્રોને આ વિચિત્ર સંસ્કૃતિ અને સભ્યતાથી ચેતવે છે.

બહુ મક્કમ ઈરાદા છે આ લોકોના
બુરાઈ સૌ હજમ થૈ જાય છે યારો
ગુલાબોની ગલીમાં કેરફુલ રહેજો
ધડાકા પણ કદાચિત થાય છે યારો (પૃ.૨૨૭)

ભારતીય સંસ્કૃતિ લંડન ગયા પછી કેવી રીતે ભૂલાઈ જાય છે તેનું અહીં બયાન છે. ભારતીય તહેવારનું સ્થાન હવે ક્રીસમસ લઈ લે છે. પોતાની સંસ્કૃતિને બચાવવા અવનવા પ્રયત્નો થાય છે. અંકલ જેવા શબ્દને રદીફ તરીકે પ્રયોજી સર્જક પોતાની વાત આ રીતે રજૂ કરે છે,

નહીતર કોઈ સાંભળવા નહિ આવે
ડીનર પર ડાયરા યોજાય છે, અંકલ. (પૃ.૨૨૮)

આમ, લોકડાયરા કરવા માટે ફરજિયાત પણે ભોજન રાખવું પડે છે તે ભારતીય સંસ્કૃતિની કમનસીબી દર્શાવે છે. પોતાની મૂળ સંસ્કૃતિ પ્રત્યે ઉદાસીનતા આવતી જાય છે. પૈસા કમાવવા એ જ મુખ્ય ધરાવનારા લોકોને સંસ્કૃતિ સાથે જોડી રાખવા એ ખૂબ મોટો પડકાર છે. લંડનની ફિતરત બધા જ અપનાવવા લાગ્યા છે ત્યાં રહી તેના જેવો થઈ જા ને 'રાજી થા' એવું કટાક્ષ પૂર્વક કહે છે,

રાગ તું લંડનનો ગા ને રાજી થા
થૈ જા તું બેવફા ને રાજી થા (પૃ. ૨૨૭)

તો લંડનની ચાલાક અને ચબરાક છોકરીઓને જોયા અને જાણ્યા પછી તેમની ફિતરત આલેખતા સર્જક કહે છે કે,

આપણો કક્કો ગયો ફૂટપાથ પર
એ કરે છે એની ABC ખરી
ગોરીના લટકાનો શો આપું હિસાબ
કાળીયે માને છે પોતાને પરી (પૃ. ૨૩૦)

આ છોકરીઓને પામવા સાચા પ્રેમની નહીં પણ ખિસ્સામાં માત્ર પૈસાની જ જરૂર હોવી જોઈએ. પૈસા ખર્ચવાથી અહીંયા પ્રેમ પણ વેચાતો મળી જવાની પૂરેપૂરી ખાતરી છે એવું સર્જકનું માનવું છે. બ્રિટનની યુવતીઓની વાત આવે ત્યારે નાયિકા તરીકે સર્જક જેને આલેખે છે તેને દરેક વખતે 'ગોરી' એવું સંબોધન કરે છે. બ્રિટનનું બદલાતું વાતાવરણ સર્જકને માફક નથી આવતું. ચારે બાજુ ફેલાયેલો સ્નો વાતાવરણને એકદમ ઠંડુ કરી દે છે આથી કવિ કહે છે કે,

ગોરી, તારા દેશમાં, વિંટર ભૂંડી ભેશ
દા'ડા હો કે રાતડી, દૂઝે નકરી મેશ
સ્નોનાં ગાડાં ઠાલવે, આ તે કેવો પોષ
સન્નાટો છે શહેરમાં, થથરે મારા હોશ (પૃ.૨૯૫)

- નિયતિનો સ્વીકાર

દુનિયાના ત્રણ દેશો ફરી લીધા પછી ઘણો આક્રોશ, પીડાને અંતે નિયતિનો સ્વીકાર કરે છે અને આખી દુનિયાને જ પોતાનું વતન ગણે છે. ધરતીના ભાગલા પાડી શકાય આસમાનના નહિ. પોતે જાણે નિત્ય પ્રવાસી બની ગયા છે.

આ ધરતીમાં છે ખુશબૂ મારા લોહીની
હું જીવું છું આ ધરતીની કથાઓમાં
દિશા એક જ નથી હોતી પ્રવાસીની
કે પ્રસરે મ્હેક તો ચારે દિશાઓમાં (પૃ.૧૧૭)

'ગમ નથી' કાવ્યમાં તેઓ અલગ-અલગ પ્રદેશમાં પોતાપણું શોધતા-શોધતા જાતને જ ખોઈ અને બિંદુ મટી સિંધુ બને છે. પોતે હવે કોઈ એક પ્રદેશ કે સ્થળના ન રહેતા વિશ્વમાનવ બની ચુક્યા છે. આ વિશ્વ જળમાં ખોવાયાનો પણ તેઓ આનંદ મેળવે છે.

ગમ નથી જો ગુમ થયો છું
સાવ ખોવાઈ ગયો છું
કે આ દરિયામાં ભળી
બિંદુ મટી
સિંધુ થયો છું (પૃ.૨૪૬)

આ જ પ્રકારનો ભાવ 'રવેશનો માણસ' ગઝલમાં પણ તેઓ આ રીતે આલેખે છે,

છાંયડાની તલાશ દોરી ગઈ
થૈ ગયો છું વિદેશનો માણસ
ગુર્જરીનો કવિ છું હું 'દીપક'
હું નથી એક દેશનો માણસ (પૃ.૭૭)

અદમ ટંકારવી એટલે જ કહે છે કે, 'દીપકસાહેબનો પરિચય અનેક રીતે આપી શકાય પણ એમને મન તો 'ગુજરાતીનો કવિ' છું એટલું જ પર્યાપ્ત છે... આખી નઝમમાંથી પસાર થતાં પ્રતીતિ થાય કે, આ વ્યક્તિવિશેષની કૃતિ નથી. આ છે ભાષાદાઝનું કાવ્ય.' પણ આ બધું મનમાં રાખવાથી શું ફાયદો અને વતનને યાદ કરી ક્યાં સુધી દુઃખી થયા કરવું આથી તેઓ જે જગ્યાએ રહ્યા તેને પોતાનું વતન માની લે છે.

ક્યાં અજાણી છે કોઈ પણ શેરી
જ્યાં ગયો સૌએ ડેલો ખોલી છે
હું છું શાયર ને આપણા માટે
આખી દુનિયા જ બારડોલી છે (પૃ.૩૩૯)

દેશ વિદેશ એ રીતે ફરી આવ્યા છે કે સામાન્ય માણસ રોજબરોજ આજુબાજુના ગામમાં આંટાફેરા કરતો હોય.

દુનિયાભરમાં બાઝંબાઝી
ના છે કોઈને આરામ
દેશ-વિદેશો પગમાં 'દીપક'
જાણે જૈ આવ્યા પરગામ (પૃ. ૨૨૫)

જીવનમાં પોતાની પાસે પહેલા જે હતું એ ભૂતકાળ હતું એને વાગોળવાથી દુઃખ, દર્દ સિવાય કશું મળવાનું નથી આથી જ સર્જક વર્તમાનને વધાવી આગળ વધી જવામાં માને છે. એટલે જ 'એ નગર' નઝમમાં પોતાની સાથે બનેલ તમામ ઘટનાઓને ભૂલી જવાની સર્જક પોતાની જાતને જ સલાહ આપે છે.

એ નગર, એ મકાન ભૂલી જા
દેશની દાસતાન ભૂલી જા
હાથ છે, હામ, હિફાઝત છે
છે કોઈ પાસબાન ભૂલી જા
જાન છે તો જહાન છે 'દીપક'
જે થયું મ્હેરબાન, ભૂલી જા (પૃ. ૧૦૧)

આ નઝમ વિશે બળવંત જાની કહે છે કે, 'વિદેશમાં વસવાટ થાય ત્યારે આંખે દેખાય તે વાસ્તવ તો વૈભવી જ લાગે પણ વિદેશવાસીના હૃદયમાં ડોકિયું કરીએ તો જ એ ખરી ભેંકારતાનો ખ્યાલ આવે. વિશિષ્ટ ઉદ્દેશોની પૂર્તિ માટે વિદેશ ગયેલી પ્રજા ભીતરના એકાકીપણાને લીધે વૈભવના માહોલમાંય ભારે વિષાદગ્રસ્ત જીવન વ્યતીત કરતી હોય છે. ભલે ભાવકને કે સમાજને ડાયસ્પોરા પ્રજાનું સાંપ્રત સ્થૂળ અને સમૃદ્ધિથી છલકાતું જ લાગે પણ એ પ્રજા પાસે ખરા ભાવથી સમસંવેદનરૂપ બનીને હસ્તધૂનન કરી શકીએ તો જ એ સમૃદ્ધિની પછવાડે પડેલી વિકરાળ અને દુર્નિવાર દારુણ એકલતાને પામી શકાય. દીપકની 'એ નગર' નજમમાં ડાયસ્પોરા ચિત્તની આવી વિષાદજનિત અવસ્થા શબ્દસ્થ થઈ છે. (દીપક બારડોલીકરની ડાયસ્પોરા કવિતા, સંપાદકઃ બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૦, પૃ.૩૮) તો યાદોને જાણે હૃદયની અંદર જ મારીને કતલખાના સાથે જીવન જીવી રહ્યા છે એવી લાગણી અભિવ્યકત કરતાં કવિ કહે છે કે,

ભય કયામતનો ગયો
ખૂબ દીઠા છે પ્રલય
ખાઈ લીધા છે જખમ

જોઈ લીધો છે વિનય
છે અમારો આ મુકામ
છે અહીંયા સૌ અભય (પૃ.૭)

આટલા વર્ષો પરદેશમાં રહ્યાં પછી હવે સર્જક પોતાના માદરે વતન પરત ફરવા નથી માંગતા કારણ કે

દેશની શેરીઓમાં હું 'દીપક'
થૈ ગયો ભૂતકાળનો માણસ (પૃ.૧૪૨)
કોના માટે જઈએ 'દીપક' દેશમાં
વાટ જોનારુંય ત્યાં કોઈ નથી (પૃ.૧૭૬)

જીવનભરની આ યાતનાઓમાંથી પસાર થતી વખતે કવિ પોતાની જાતને સાચવી શક્યા છે અને તટસ્થ રહી હંમેશા પોતાના ઉજ્જ્વળ ભવિષ્યનું વિચાર કરી શકયા છે એ તેમની સ્વસ્થતા છે. આ સ્થિરતા આવી એમાં કાવ્યસર્જનનો ફાળો પણ મહત્ત્વનો રહ્યો છે એનો એકરાર પણ તેઓ કરે છે.

નહી તો હું ખોવાઈ જાતે ક્યાંય પણ
શુક્ર છે, ગઝલોએ સાચવ્યો મને (પૃ.૩૨)

આમ, કવિના સંપૂર્ણ કાવ્યસર્જનમાંથી પસાર થઈએ તો આપણને દેખાશે કે મોટા ભાગે તેમણે વિષય તરીકે પોતાની સાથે બનેલા અનુભવો ને સાપેક્ષ અથવા પરોક્ષ કથન દ્વારા આલેખ્યાં છે. આ અનુભવોમાં દર્દ છે, પીડા છે, વેદના છે; વતન અને સ્વજનો ગુમાવ્યાની. વળી આ આલેખનમાં તેમની ભાષા પણ એકદમ સરળ રહી છે. મોટાભાગે તેઓ ગુજરાતી ભાષાના શબ્દોનો જ ઉપયોગ કરે છે. ક્યાંક ક્યાંક ઉર્દૂ અને બહુ જ થોડી જગ્યાએ અંગ્રેજી શબ્દોનો પ્રયોગ તેમણે કરેલો જણાય છે. ઉર્દૂ શબ્દ પ્રયોગો પાછળનું એક તથ્ય એ પણ છે કે સર્જક બાળપણમાં ઉર્દૂ શાળામાં ભણ્યા છે. તેમણે પ્રયોજેલા થોડા ઉર્દૂ શબ્દો જોઈએ તો, મનુજ, રૂઆબ, મયકદા, તમિસ્રા, તલબ, લેલૂર, જરદ, વજદ, હસદ, ફસીલો, સબીલો, છબીલો, સલીબ વગેરે. આ ઉપરાંત એક બાબત એ પણ નોંધવી જોઈએ કે, કવિ જ્યારે બીજા કોઈ ગઝલકારના શેરનો આધાર લઈ પોતે એ જ વિષય આલેખતો શેર લખે છે ત્યારે મૂળ ગઝલકારના મૂળ શેરનો સંદર્ભ આપી પાદટીપમાં તેને સમાવે છે.

❖ ૪.૩ દીપક બારડોલીકરની આત્મકથામાં ડાયસ્પોરિક વલણો

દીપક બારડોલીકર પાસેથી આપણને તેમની આત્મકથા બે ભાગમાં મળે છેઃ 'સાંકળોનો સિતમ' ૧૯૯૯માં અને 'ઉછાળા ખાય છે પાણી' ૨૦૦૪માં. 'સાંકળોનો સિતમ' નામના પહેલા પ્રસિદ્ધ થયેલ ભાગમાં મોટાભાગનો સમયખંડ સર્જક પાકિસ્તાનમાં ૧૨ ઓગસ્ટ ૧૯૭૮થી કરી ૧૨ ઓક્ટોબર ૧૯૭૮ સુધીના ત્રણ માસ દરમ્યાન ભોગવેલ જેલવાસના અનુભવોનો છે. આ ભાગમાં અલબત સર્જકે છેલ્લા થોડાંક પૃષ્ઠોમાં

૧૯૯૦ સુધીની કથાને લંબાવી છે. તો ૨૦૦૪માં પ્રસિદ્ધ થયેલ ભાગ 'ઉછાળા ખાય છે પાણી'માં તેમના બાળપણથી માંડી, અભ્યાસ, મિત્રો, સગા સંબંધીઓ વગેરેના તારીખ ૧૨ ઓગસ્ટ ૧૯૭૮ સુધીના સંસ્મરણો આલેખ્યાં છે. એટલે આ બે ભાગોને કાળક્રમ પ્રમાણે ગોઠવ્યા હોય તો ૨૦૦૪માં પ્રસિદ્ધ થયેલ 'ઉછાળા ખાય છે પાણી' પહેલા આવે એટલે કે પૂર્વાર્ધ અને ૧૯૯૯માં પ્રકાશિત થયેલ 'સાંકળોનો સિતમ' પછી આવે એટલે કે ઉતરાર્ધ. 'ઉછાળા ખાય છે પાણી' પૂર્વાર્ધની શરૂઆત 'બારડોલી' શબ્દથી થાય છે જ્યારે 'સાંકળોનો સિતમ'નો છેલ્લો શબ્દ 'કરાંચીમાં' છે. આમ, બારડોલીથી શરૂ કરી કરાંચી સુધીના જીવનક્રમની ઘટનાઓના સંસ્મરણો આ બે ભાગમાં આલેખાયા છે.

આત્મકથા આમ તો સૌથી ઓછો ખેડાતો સાહિત્યપ્રકાર છે. એના ઘણા બધા કારણોમાં સત્યનિષ્ઠા એ સૌથી મોટું કારણ છે. ગુજરાતી ડાયસ્પોરા સાહિત્યમાં કોઈ સર્જક પાસેથી આત્મકથા મળી હોય એવી મારા ધ્યાનમાં આવેલી આ પહેલી ઘટના છે. આ આત્મકથા લખવા માટેની પ્રેરણા સર્જકને કેવી રીતે મળી તે તેમના શબ્દોમાં જ જોઈએ: "આમ તો જોકે, આ કથા લખવાની કોઈ ખાસ ઇચ્છા હતી નહિ, પરંતુ મારા પરમ મિત્ર ને વેમ્બલી (લંડન) સ્થિત વિચારપત્ર 'ઓપિનિયન'ના તંત્રી શ્રી વિપુલ કલ્યાણી તથા મારા એક મહેરબાન શ્રી ડાહ્યાભાઈ મિસ્ત્રીનો આગ્રહ હતો કે, મારે મારી જેલવીતી લખવી જોઈએ. તો બીજી તરફ મારા મોહતરમ દોસ્ત ને ગુજરાતના એક ઝિંદાદિલ - મૂર્ધન્ય કલમસ્વામી શ્રી ચંદ્રકાન્ત બક્ષીનું તો ખાસ દબાણ હતું : 'તારે આ લખવું જ જોઈએ !' આથી લખ્યું. નહિતર આળસી જાત... આ કથા માટે બધો યશ મારા એ મિત્રોને જ જાય છે. ઝિંદાબાદ બક્ષીજી ! ઝિંદાબાદ વિપુલજી, મિસ્ત્રીજી !" (નિવેદન, સાંકળોનો સિતમ, પૃ.૯) તો 'ઉછાળા ખાય છે પાણી'ના નિવેદન લખતી વખતે પોતે કહે છે કે, 'આત્મકથાનું આલેખન સહેલું નથી હોતું. એ જિવાઈ ગયેલું જીવન ફરી એક વાર, જીવી જવા જેવું કપરું ને ભૂતકાળના ખોળિયામાં પ્રવેશી હરવાફરવા જેવી એક દુષ્કર પ્રક્રિયા હોય છે. મેં આ પ્રક્રિયામાંથી પસાર થવાનું સાહસ ખેડ્યું છે, મને સૂઝયું એ રીતે. મારી આ આત્મકથામાં મારા ભેગાં અન્ય અનેક પાત્રો શ્વસી રહેલાં જોવા મળશે. સ્થળ-કાળ તથા સારાનરસાં એવાં સંખ્યાબંધ માણસોની વાતો, મારા અનુભવો-અવલોકનો, સફળતા-નિષ્ફળતાઓ, ખામીઓ-ખૂબીઓ તથા મનોમંથનો પણ તરવરતાં જોવા મળશે. તારવણીઓય ખરી અને મારા સમયના પડઘા ને પડછાયા.' (નિવેદન, ઉછાળા ખાય છે પાણી, પૃ.૨)

શરૂઆતમાં જન્મભૂમિ બારડોલીના થોડા ઇતિહાસની વાત કરી બારડોલીને તેઓ સત્યાગ્રહ અને બંડખોરની ભૂમિ તરીકે ઓળખાવે છે. પછી પરિવારના સભ્યોની ઓળખ આપી વાતની માંડણી કરે છે. દાદા મહમૂદને પાંચ દીકરાઓ હતા અને પાંચેય દીકરાઓ એક જ જગ્યાએ રહે છે - સંયુક્ત કુટુંબમાં. આટલો મોટો પરિવાર ત્યારે પણ કોઈનો નહોતો અને આજે પણ કોઈનો નથી. પોતાના જન્મથી માંડી ભાઈ-બહેનોનો

પણ પરિચય કરાવે છે. સત્યાગ્રહની ભૂમિ બારડોલી સમય જતાં ઘણી બદલાઈ ગઈ છે. આ બદલાઈ ગયેલું બારડોલી સર્જકને ગમતું નથી. પોતાની હૈયાવરાળ ઠાલવતાં બારડોલીની બદલાયેલી પરિસ્થિતિ તેઓ આ રીતે આલેખે છેઃ 'પણ આજે, બારડોલી એવું... પચાસ વર્ષ પૂર્વે સુધી હતું એવું રહ્યું નથી. ગામમાંથી એ નગર બન્યું છે ને એની આજની વિસ્તૃતિમાં અમારું અસલ બારડોલી ક્યાંક ખોવાયું છે.... નગરની પોતાની કેટલીક બૂરાઈઓ હોય છે. વળી એમાં ગંદાગોબરા રાજકારણનું ઝેર! હવે મહોબતની મીઠાશ દીવો લઈને ગોતવી પડે છે! ... ક્યાં ગાંધીજી જેવા શાંતિચાહકનું આકર્ષનારું મારું પ્યારું ગામ ને ક્યાં આજનું ઘમસાણિયું બારડોલી!' (પૃ. ૯)

મદરેસાના શિક્ષક મિયાં સાહેબ, ઉર્દૂ શાળાના શિક્ષક મુનશીજી રફીઉદ્દિન અને વર્ગશિક્ષક ચૌધરી સાહેબ, બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કુલના હેડમાસ્તર દીક્ષિત સાહેબ, ઇતિહાસ વિષયના શિક્ષક રામચંદ્ર શુક્લ, ચિત્રકલાના શિક્ષક શ્રી ગૌકર્ણ, પ્રિન્સીપાલ ભીમભાઈ દેસાઈ, બાળપણના મિત્રો રતનજી ઢીમર, છોટુ પારેખ અને જયુ અધ્વર્યુ જેવા વ્યક્તિ વિશેષોની યાદોને વાગોળી અન્જુમને હિમાયતે ઇસ્લામ નામની લાયબ્રેરીને પણ યાદ કરે છે. બાળપણમાં જોયેલા સરકસ, ઘોડેસવારીની મજા, શાહી ઓવારો અને પાસે જ વહેતી મીંઢોળા નદીને પણ તેઓ વારંવાર યાદ કરે છે. ક્રિકેટ પણ તેમની મનપસંદ રમત રહી છે. મિંઢોળા નદીમાં તરવાની જે મજા હતી તેને તો સર્જક ક્યારેય ભૂલતાં નથી. સર્જક નોંધે છે કે, "મને તરવાનો શોખ તો ગાંડપણ સુધીનો હતો. હું દિવસમાં ત્રણ વાર, સવારે, બપોરે, સાંજે મીંઢોળામાં ભૂસકા લગાવતો. ખૂબ તરતો અને ઘણું કરીને ૧૯૪૫ની સાલમાં, આંતરપ્રાંતીય, તરણસ્પર્ધામાં વડોદરાનું 'સૂર સાગર' સરોવર પાર કરી જવું એ મારા માટે રમતવાત હતી." (પૃ.૪૪) ભરપૂર પાણીએ હોય ત્યારે બે કાંઠે વહેતી આ નદીને ઓળંગવાની તો તેઓ મિત્રો વચ્ચે સ્પર્ધાઓ પણ કરતાં. ચાર આનાની ફી ભરી સર્જક ઇન્ડિયન નેશનલ કોંગ્રેસમાં પણ એક વખતે જોડાય છે. ૧૯૪૫માં સર્જક કોંગ્રેસ સેવાદળમાં પણ જોડાય છે. પણ બારડોલીના કોંગ્રેસી આગેવાન કપિલરામ વ્યાસે ત્યારે તાલીમ માટે ખાદીનાં જ કપડાં પહેરવાનો આગ્રહ રખાવ્યો હોવાથી છ મહિનામાં જ તેમાંથી છૂટા પડી જાય છે. અહીંથી છૂટા પડી સર્જક ૧૯૪૬માં કોંગ્રેસ લીગમાં જોડાય છે અને ખજાનચીનો પદ પણ સંભાળે છે.

સર્જકની આ આત્મકથા તેમના જીવનની સાથે સાથે ઇતિહાસને પણ સાથે સાથે આલેખતી જાય છે. ૧૯૪૩-૪૪ વખતે વીસ લાખ જેટલા લોકોનો ભોગ લેનાર દુષ્કાળ પણ તેમને સાંભરે છે. આ દુષ્કાળ વખતે સરકારી મદદમાં થતી ધાંધલી પણ તેમને અકળાવી મૂકે છે. ૧૯૪૪માં જ અમીનસાહેબનાં દેશપ્રેમનાં ગીતોનો સંગ્રહ 'સબરસ' પ્રગટ થાય છે. આ સંગ્રહના અનુસંધાને ગાંધીજીએ આપેલ પ્રતિભાવ પણ તેઓ

નોંધે છે જે તેમની આ સમયે પણ સાહિત્ય પ્રત્યેની પ્રીતિને પ્રગટાવે છે. ગાંધીજીએ પોતાનાં પ્રતિભાવમાં લખેલું કે,

મકબરા જઈને જુઓ જેમાં, સૂતા સુલતાન છે
કબ્રથી કે'શે અમારો દેશ હિન્દુસ્તાન છે
હિન્દુ મુસલમાં નામ જુદા હિન્દનાં સૌ બાળ છે
નથી જુદા કોઈથી સહુ એક વૃક્ષે ડાળ છે
એમ સમજીને સદા જો સંપને સંભાળજો
તો તમારા દેશની ચડતી થયેલી ભાળશો
ઉજ્જડ થતો દેખાય છે એ દેશ નંદનવન થશે
કંચન હતો આ દેશ ને પાછો ફરી કંચન થશે. (પૃ.૭૮-૭૯)

૧૫મી ઓગસ્ટ ૧૯૪૭નો સમય નજીક આવી રહ્યો હતો અને ભારત પાકિસ્તાનના ભાગલાની ખબરો ચારે બાજુ ફેલાઈ રહી હતી તે વખતે આ વિભાજનને સંદર્ભે તેમના વિચારો પણ નોંધવા જેવા છે. 'હિન્દુ મહાસભા, અકાલી દળ, જમિયતે ઉલેમાએ હિન્દ તથા ખાકસાર પાર્ટી જેવા પક્ષો પણ જિન્નાસાહેબની માંગણીના વિરોધી હતા. યાને પરિસ્થિતિના પ્રવાહોનું વહન દરેક રીતે મુસ્લિમ લીગ તથા જિન્નાસાહેબની સિયાસતની વિરુદ્ધ જઈ રહ્યું હતું. આમ છતાં કોંગ્રેસ જેવો એક મોટો, સુગઠિત પક્ષ એનો રાજકીય લાભ લઈ શક્યો નહીં અને મુસ્લિમ લીગ જેવા એક નાના, નબળા પક્ષને તથા તેના ક્ષયરોગથી પીડાતા આગેવાન કાઈદે આઝમને રાજકીય કુનેહ વડે પોતાના પક્ષે લેવામાં યા તેમને આંતરવામાં ય નિષ્ફળ રહ્યો. એ એક આશ્ચર્ય છે! કોંગ્રેસ પક્ષમાં એવી કઈ નબળાઈ હતી કે તે દેશની એકતા, અખંડતા જાળવી રાખવાની દિશામાં અસરકારક ભૂમિકા ભજવી શક્યો નહીં? આ એક ખોજનો વિષય છે.' (પૃ.૭૬) આ સમય ભારત માટે કટોકટીનો કહી શકાય તે પ્રકારનો હતો. એકબાજુ આઝાદીનો ઉત્સવ હતો તો બીજી બાજુ ભાગલાનું દર્દ પણ સહન કરવાનું હતું. આ સમયે ઘણું બધું બને છે એ બધાની વિસ્તારથી નોંધ ન કરતાં સર્જક વિવેક દાખવી કહે છે કે, '૧૯૪૬-૪૭ની સાલ દેશના રાજકારણ વિશે એક અતિમહત્ત્વની, નિર્ણયકારી સાલ હતી. એ સાલ દરમિયાન દેશમાં એવું એવું ને એટલું બધું બની જાય છે કે, જેની વિગતે નોંધ લેવા બેસીએ તો એક અલાયદો ગ્રંથ થાય, પણ હું અહીં ઇતિહાસ લખવા બેઠો નથી. આત્મકથા લખી રહ્યો છું. આથી માત્ર એક રાજકીય કાર્યકરની હેસિયતે મેં જે કંઈ જોયું, જાણ્યું, અનુભવ્યું તેમાંનું કેટલુંક, આવશ્યક આધારો સહિત મારી દૃષ્ટિએ ને મારી રીતે અહીં મૂકવા વિચાર્યું છે. વિશેષ ઊંડાણમાં જવાની ઇચ્છા નથી.... તે અહીં પ્રસ્તુત પણ નથી.' (પૃ.૮૬) ભારતથી પાકિસ્તાન છૂટા પડવાના અનેક કારણો હતાં તેમાં સર્જક એક એવું કારણ આપે છે કે, 'પંડિતજી

અને તેમના સાથીઓ, જિન્નાસાહેબથી એવા કંટાળ્યા હતા કે તે તેમનાથી પીછો છોડાવવા ખાતર દેશનું વિભાજન સ્વીકારવાને તૈયાર થઈ ગયા હતા.' (પૃ.૮૭)

આઝાદી સંદર્ભે તેઓ એવું પણ નોંધે છે કે, 'આઝાદી તો આપણી વસ હતી અને તે આજે નહીં તો આવતી કાલે પ્રાપ્ત થવાની જ હતી, પણ આપસમાં આથડીને આપણે શું મેળવ્યું? એ જ કે ઘણાં ભાઈભાંડું ગુમાવ્યાં, મિલકતો ખોઈ અને માતૃભૂમિને કટકાબટકા સુધી પહોંચાડી દીધી!' (પૃ.૮૮) આ વાત તો થઈ સામાન્ય નાગરિકોની પણ આ સમયે પત્રકારત્વે જે કાર્ય કરવું જોઈએ તેવું કાર્ય કરવાના બદલે બળતાંમાં ઘી હોમ્યું હતું આથી તેઓ પત્રકારો સંદર્ભે પણ પોતાનો આક્રોશ રજૂ કરતાં કહે છે કે, 'આ માટે જવાબદાર કેટલાક રાજકારણીઓ તો હતા જ; પીળું પત્રકારત્વ પણ હતું અને આપણે પણ. ગુનાઈત કાર્યને ગુનો ન લેખવો એ પણ એક ગુનો જ ગણાય છે ને! ગાંડાઓની પાછળ આપણેય ગાંડા થયા હતા!' (પૃ.૮૮) તો આગળ એવું પણ કહે છે કે, 'અખબારોમાં ઘણું આડેધડ પણ આવતું. ભડકામણા, ઉશ્કેરણીજનક લેખો, નિવેદનો, અહેવાલોય આવતા. અણગમતા લેખો, નિવેદનો, અહેવાલોય આવતા. અણગમતા આગેવાનોની ઠેકડી ઉડાવાતી, નાલેશી કરાતી. હું એ વાંચતો ને વિચારતો કે લોકોને થઈ શું ગયું છે?! આ તે કેવો ખેલ મંડાયો છે? ધિક્કાર, ઉશ્કેરણી, મારધાડ; આ બધું શું છે? શાને માટે?' (પૃ.૮૯)

જુલાઈ ૧૯૪૭થી ભારત પાકિસ્તાનની સરહદ નક્કી કરવાનું કામ બ્રિટનના બેરિસ્ટર સર સાયરિલ રેડક્લિફને સોંપવામાં આવે છે. સર્જકના મતે સીમારેખા નક્કી કરવામાં રેડક્લિફના પંચે ઘણી જગ્યાએ પક્ષપાતી વલણ પણ દાખવ્યું હતું પણ આખરે ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭નો દિવસ ઉગે છે અને ભારત આઝાદ થઈ જાય છે. આઝાદીના દિવસે જ ધ્વજવંદના કાર્યક્રમ વખતે પોતે મુસલમાન હોવાથી એક હિન્દુ સહાધ્યાયીના મોઢેથી પોતાને કટાક્ષ સાંભળવો પડે છે કે, 'મુસાજી! સલામી ભરી ત્રિરંગાને!' (પૃ.૯૮)

૩૦મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ નથુરામ ગોડસે દ્વારા ગાંધીજીની હત્યા થાય છે. આ નથુરામ ગોડસેને સર્જક હિંદુ મહાસભાવાદી તરીકે ઓળખાવે છે. આ જ સમય દરમ્યાન સુરત જિલ્લાના નેશનલ ગાર્ડઝ અફસરોને સુરતની જેલમાં એક મહિના સુધી કેદ કરવામાં આવે છે, જેમાં સર્જક પણ જેલવાસ ભોગવે છે. પરંતુ આખરે નેશનલ ગાર્ડઝના વિસર્જનની શરતે તેઓને જેલમાંથી મુક્ત કરી દેવામાં આવે છે. આ જેલવાસ તેમના માટે પ્રથમ વખતનો અનુભવ હતો. જેલમાંથી છૂટા થયાને થોડાંક સમય પછી ભાગલાને લીધે પાકિસ્તાનમાં સ્થાયી થયેલા મોટા ભાઈ ઇબ્રાહિમનો તેમને પત્ર આવે છે. પત્રમાં લખ્યું હોય છે કે, 'મૂસાજીને તથા મારા પુત્ર ઇસ્માઇલને મારી પાસે મોકલી આપો. મને એમની જરૂરત છે.' (પૃ.૧૦૧) મોટા ભાઈના આ આદેશ કહો કે જરૂરિયાત, તેના આધારે સર્જક પાકિસ્તાન જવા નીકળે છે. બારડોલીથી સુરત, અમદાવાદ, પાલનપુર અને રાજસ્થાનના બારમેર, મુનાબાવ થઈ તેમને પાકિસ્તાનના ખોખરાપાર જવાનું હતું.

આ સફર તેઓ ટ્રેન દ્વારા કરે છે. આ ટ્રેનમાં તેમને કાઠિયાવાડના ઉસ્માનભાઈ નામે એક વ્યક્તિનો ભેટો થાય છે. ઉસ્માનભાઈ સર્જકને વિભાજન વખતે થયેલા અનેક કિસ્સાઓના વર્ણનો કરે છે. ઉસ્માનભાઈના આખરી શબ્દો હતાઃ 'આ ટ્રેનમાં જઈ રહેલા લોકોને જુઓ. તેમણે પોતાનાં ભર્યાંભાદર્યાં ઘરો રાજીખુશીથી થોડાં છોડ્યાં છે! છોડવા પડ્યાં છે....!' (પૃ.૧૦૪) આ શબ્દો વિસ્થાપિતોની પીડાને વ્યક્ત કરે છે. અનાયાસે વતન છોડવાની પીડા વસમી હોય છે. તે સૂર આ શબ્દોમાં ઘૂંટાયા કરે છે. સર્જક પાકિસ્તાનમાં કરાંચી ખાતે સ્થાયી થાય છે ત્યાર પછી પણ આ ઉસ્માનભાઈ સાથે તેમનો સંબંધ જળવાઈ રહે છે.

પાકિસ્તાન પહોંચતા પહેલા બારમેર અને મુનાબાવમાં સર્જકને જે અનુભવો થાય છે તે દ્વારા વિસ્થાપિતોની લાચારી, તેમની પીડા વગેરે વ્યક્ત થાય છે. બારમેરના અનુભવો નોંધતા સર્જક લખે છે કે, 'લૂણીથી બારમેર પહોંચ્યા તો જાણે કતલખાનામાં ન આવી ગયા હોઈએ એવો અનુભવ થયો. એ બારમેર નહીં. મારમેર હતું ! અહીં ઘણા બધા પોલીસના સિપાઈઓ, કસ્ટમ્સનાં સિપાઈસપરાં ને બીજા કેટલાય ડંડૂકાધારીઓ શિકાર ઉપર પડતા ગીધોની જેમ ઘૂમરાઈ રહ્યા હતા. ડોળા લાલઘૂમ ને મોઢામાં ગાળો હતી. અમે જાણે ગુનાહિતો ન હોઈએ એ રીતે તેઓ અમારી સાથે, સ્ત્રીપુરુષ, બાળક વૃદ્ધના ભેદભાવ વગર, વર્તી રહ્યા હતા. નળ ઉપર પાણી લેવા જનારનેય ગાળોથી નવાજે, ધમકાવે. જાનવરોને વાડામાં પૂરવામાં આવે એ રીતે અમને સૌને પ્લેટફોર્મ ઉપર ધોમધખતા તાપમાં બેસાડી દેવામાં આવ્યાં હતાં. જરા સરખીયે હિલચાલ કરવાની ઇજાજત નહીં. હાલે ચાલે તેને ડંડો પડે.' (પૃ. ૧૦૬) આમ, બારમેરમાં પરિસ્થિતિ જરાય સારી ન હતી. લોકોનો આક્રોશ તેમની આંખોમાં હતો પણ તેઓ વ્યક્ત કરી શકતા નહોતા. કશા પણ ગુના વિનાના આ નિર્દોષ લોકો ઉપર ગુનેગારો જેવું વર્તન થઈ રહ્યું હતું. તો સામે પક્ષે જીવ બચાવવા માટે મજબૂર હિજરતીઓ પાસે અમલદારો અને પોલીસના સિપાહીઓની માંગણીઓ સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ પણ નહોતો. ચારેબાજુ હિજરતીઓની ઉઘાડી લૂંટ ચાલી રહી હતી. આ લૂંટારા અમલદારો અને સિપાહીઓ વિશે નોંધતા સર્જક લખે છે કે, "અહીંથી અમારે મુનાબાવ અને ત્યાંથી પાકિસ્તાનની સરહદમાં ખોખરાપાર સુધી જતી ટ્રેનમાં બેસવાનું હતું, પણ એ પહેલાં, કસ્ટમ્સના કસાઈઓની કાતિલ છરીઓ તળેથી અમારે પસાર થવાનું હતું ! માલસામાન, બધો જ ખોલીને દેખાડવાનો હતો. ગોદડાંગાંભલાં પણ. અને એ કસાઈઓએ તે બધું માત્ર જોયું તપાસ્યું નહીં, તેની અંદર જે કંઈ સારું હતું, કીમતી હતું તે બધું એમ કહીને આંચકી લીધું કે : 'આ અમારા દેશનો માલ છે, પાકિસ્તાન નહીં લઈ જઈ શકાય.' તેમણે કેટલીયે સ્ત્રીઓના દાગીના સુધ્ધાં આંચકી લીધા હતા અને કોરા કાગળો ઉપર તેની પહોંચ લખી આપતાં કહ્યું હતું. 'પાછા આવો ત્યારે અહીંયાં આ દેખાડજો. તમારા દાગીના પાછા મળશે.' આ તકે એક ભાઈએ કહેલું, 'પણ આ બધું તો અમારી મહેનતની કમાઈનું છે...!' અને એનો જવાબ કંઈક આવો મળ્યો હતો કે, 'તેથી શું થયું ? માલ તો

અમારા દેશનો છે ને ! એ અમારા દેશમાં રહેશે.' સરકારી માણસો દ્વારા કરાઈ રહેલી, ડાકુઓને ટપી જાય એવી આ નિર્દય લૂંટમાર હતી. અને એ વિશેની ફરિયાદ સાંભળવાની કે આવી અરાજકતા ઉપર નજર રાખી એની રોકથામ માટે ચાંપતાં પગલાં લેવા જેટલી ફુરસદ કદાચ કોઈને નહોતી !" (પૃ. ૧૦૬-૧૦૭) આમ, આ લૂંટ વિરુદ્ધ ફરિયાદ કરવાથી પણ કશો ફાયદો થવાની આશા નહોતી. બધી ચીજવસ્તુઓ આપતા પણ જો જીવ બચી જતો હોય તો તે બચાવી લેવામાં માનનારા આ હિજરતીઓ પોતાની પાસે રહેલો; આખી જિંદગીમાં મહામહેનતે ભેગો કરેલો માલસામાન એકક્ષણમાં ગુમાવી બેસે છે. એટલે જ સર્જક કહે છે કે, 'આઝાદી તો મળી, પણ એના આરંભમાં જ અપશુકન થયાં હતાં. શાંતિના બદલે અશાંતિની આગ ભડકી ઊઠી હતી. અરાજકતાનો રાફડો ફાટ્યો હતો. જાણે હાથી ગાંડો ન થયો હોય!' (પૃ. ૧૦૮)

મુનાબાવ સુધીમાં બધું લૂંટાવી ચૂકેલા હિજરતીઓની સાથે સર્જક પણ પાકિસ્તાન તરફ પ્રયાણ કરે છે. ત્યાં ૧૧મી સપ્ટેમ્બર ૧૯૪૮ના રોજ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા અને કાયદે આઝમ તરીકે વિશ્વરભરમાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર મહમ્મદ જિન્નાનું અવસાન થાય છે. ત્યારે સર્જક નોંધે છે કે,

આપનો સંઘાત શું છૂટી ગયો
એક અખંડ દીવો હતો, બૂઝી ગયો. (પૃ.૧૨૨)

૧૯૪૯ના વર્ષે 'મિલ્લત' નામના ગુજરાતી દૈનિકમાં આવેલી એક જાહેરખબરના આધારે તેમને હાઇસ્કુલમાં ગુજરાતી વિષયના શિક્ષક તરીકે માસિક સાઠ રૂપિયાના પગારે નોકરી મળી જાય છે. શિક્ષક તરીકે વિદ્યાર્થીઓમાં પણ બહુ ઝડપથી તેઓ સારી એવી નામના મેળવવામાં સફળ થાય છે. પાકિસ્તાનમાં આવ્યા પછી તેઓ પોતાની જિંદગીના પહેલા મુશાયરામાં ભાગ લે છે. આ મુશાયરામાં રજૂ કરેલ ગઝલના નીચેના બે શેર પર તેમની સારી એવી પ્રશંસા પણ થાય છેઃ

કમ્મર કસેલી રાખ કે જાવું જરૂર છે
આ તો વિસામો છે. હજી મંઝિલ તો દૂર છે
આ પથ્થરોની ભૂલ શી ને દોષ પંથનો
ઠોકર અગર હું ખાઉં છું મારો કસૂર છે. (પૃ.૧૩૪)

આ મુશાયરા થકી સર્જકને 'મિલ્લત' દૈનિકના તંત્રી ફખ્ર માતરી સાહેબ સાથે પ્રથમ વખત રૂબરૂ મળવાનો મોકો મળે છે. પછી તો વારંવાર મળવાનું થતું રહે છે અને ગઝલો થકી દોસ્તી ગાઢ બને છે. પોતાની ગઝલોથી ખુશ થઈ ફખ્ર માતરીસાહેબ તેમને ખુલ્લું આમંત્રણ આપે છેઃ 'જે કંઈ નવું લખો તે મને પાઠવજો. 'મિલ્લત'માં જરૂર છપાશે.' (પૃ.૧૩૪) આ જ દૈનિકમાં ફખ્ર માતરીસાહેબના આગ્રહના લીધે તેઓ પાછળથી તેમની સાથે કામમાં પણ જોડાય છે.

૧૯૫૧માં ઓક્ટોબર મહિનાની સોળમી તારીખે પાકિસ્તાનના વડાપ્રધાન લિયાકતઅલીખાન રાવલપિંડી ખાતે જાહેર સભાને સંબોધવા મંચ પર હજી પહોંચે છે તે જ ક્ષણે તેમની છાતીમાં ગોળી મારી હત્યા કરી નાખવામાં આવે છે. લિયાકતઅલીખાનના ગયા પછી દેશમાં અંધાધૂંધીનો માહોલ સર્જાય છે. આ અંધાધૂંધી માટે અમૂક રાજકારણીઓ જવાબદાર હતા. જેમાં ચાર જણ મુખ્ય હતા. ગુલામ મહમ્મદ, ગુરમાની, ચૌધરી અને મિર્ઝા એવું સર્જક નોંધે છે. આ ચારેય લોકો વિશે એક સમયે જિન્નાસહેબે એવું પણ કહેલું કે, 'મારા ખિસ્સામાં કેટલાક ખોટા સિક્કા પણ છે.' (પૃ.૧૩૭) તો આ ઘટના પછી સર્જક આ ચાર લોકો પર કટાક્ષ કરતાં નોંધે છે કે, 'એ ખોટા સિક્કા હવે ચલણી સિક્કા બની ગયા હતા.' (પૃ.૧૩૭)

સર્જક 'મિલ્લત' દૈનિકની નોકરીમાં વ્યસ્ત હોય છે એવામાં ઓગણીસમી સદીના છઠ્ઠા દાયકામાં સર્જકને ત્યાં એક બાળકીનો જન્મ થાય છે. પણ એ બાળકીની સુવાવડ દરમ્યાન પત્ની ખદીજાની માનસિક હાલત પણ બગડે છે. કામના બોજના લીધે બાળકી અને પત્નીની યોગ્ય કાળજી ન લઈ શકવાને પરિણામે તે બાળકી બહુ નાની ઉંમરમાં જ મૃત્યુ પામે છે. પોતાની બાળકીના મૃત્યુ પછી સર્જક સાવ ભાંગી પડે છે. પોતાની આ અસ્વસ્થતા દૂર કરવા તેઓ ભારત પરત આવી જાય છે. ભારત પરત ફરવાના દિવસે જ પાકિસ્તાનમાં મુશળધાર વરસાદ પડવાને લીધે પૂર આવે છે. પૂરમાં સર્જકના પુસ્તકો, સામયિકોની ફાઇલો, ગઝલોની ડાયરીઓ વગેરે પૂરનાં પાણીમાં તણાઈ જાય છે. 'સાબરમતી' નામના જહાજ દ્વારા દરિયાઈ માર્ગે પાકિસ્તાન છોડતાં સર્જકને વતનની યાદ આવવા લાગે છે. બારડોલી છોડતી વખતે જે પીડા થઈ હતી તેવી પીડા કરાંચી છોડતી વખતે પણ થાય છે. સર્જક પોતાની વેદના આ શબ્દો દ્વારા પ્રગટ કરે છેઃ '૧૯૪૮માં બારડોલી છોડતાં થયેલો એવો ખેદ થયો. બારડોલી મારી, મારા પિતાની, પૂર્વજની જન્મભૂમિ હતી. એણે મને ઉછેરી જવાન કીધો હતો. સારા-નરસાનું જ્ઞાન આપ્યું હતું, તો કરાચીએ પુરુષાર્થનું સત્ત્વ પિછાણવાની યોગ્યતા આપી હતી અને સ્વમાનભેર જીવતાં શીખવ્યું હતું. એ મારી કર્મભૂમિ હતી. અહીંથી, જ મને મારા જીવનની સાચી દિશા મળી હતી. હું અહીં કેટકેટલું છોડીને જઈ રહ્યો હતો ! કેટલી મહોબત, કેટલી મહેફિલો, કેટલી યાદો...!' (પૃ.૧૫૧) તો માહિયા દ્વારા આ પીડાને તેઓ વ્યક્ત કરતાં કહે છે કે,

ઓ કરાચી ! સલામ હું આપું
પ્રેમ, આદર તમામ હું આપું
તું સ્વીકારે તો આપું દિલ મારું
રંગછલકાતો જામ હું આપું
ઓ કરાચી ! સલામ હું આપું

પાકિસ્તાનથી આવી ભારતમાં રહેવાના સર્જકના વિઝાની મુદ્દત પૂરી થઈ ગયા પછી પણ તેઓ ભારતમાં જ રહેતા હોવાથી તેમના પર ૧૯૫૫માં ઓવરસ્ટેનો કેસ થાય છે. આ કેસ મુજબ સરકારી વકીલ

તેમને વિદેશી નાગરિક ઘોષિત કરી ભારતમાં સમય મર્યાદા કરતાં વધારે રોકાવા બદલ શિક્ષા સાથે ભારતમાંથી હકાલપટ્ટી કરવાની માંગ કરે છે પણ એક વર્ષના અંતે ચૂકાદો આવે છે ત્યારે તેઓ નિર્દોષ ઠરે છે. ૧૯૫૮માં દોઠ વર્ષની વયના પુત્ર નઝીર અહમદનું પણ અકાળે અવસાન થાય છે. ત્યારબાદ આપસી મતભેદના લીધે પત્ની ખદીજાથી સર્જકને અલગ થવું પડે છે. આ તકલીફમાં વધારો ત્યારે થાય છે જ્યારે અચાનક તેમને એક દિવસ પોલીસનું તેડું આવે છે. સર્જક પોલીસ સ્ટેશનમાં હાજર થાય છે ત્યારે તેમને 'ડિપોર્ટેશન ઓર્ડર' પકડાવી દેવામાં આવે છે. ગૃહખાતાના હુકમ મુજબ હવે તેમણે ભારત છોડી દેવાનું હતું. આ સમયે સર્જકને એક પ્રશ્ન થાય છે કે, 'માણસ તેની જન્મભૂમિમાં. તેના દેશમાં પણ ન રહી શકે?' (પૃ.૧૫૮)

ફરી પાછી બારડોલીથી પાકિસ્તાનની સફર શરૂ થાય છે. પણ આ સફર અનાયાસે કરવી પડે છે. તેમને છેલ્લી વખત પોતાની માતૃભૂમિને જોઈ લેવાની હતી. અને પાકિસ્તાન તરફ પ્રયાણ કરવાનું હતું. પોલીસના સિપાહીઓ સુરતથી પાલનપુર લઈ જાય છે. પાલનપુરથી ફરી બારમેરની પોલીસના હવાલે તેઓને સોંપી દેવામાં આવે છે. બારમેરમાં સોળેક દિવસ પકિસ્તાન જવા માટે રાહ જોવી પડે છે. સર્જક કંટાળે છે. આખરે પોલીસ સ્ટેશનમાં જ ભૂખહડતાળ કરે છે. પણ પોલીસ અધિકારીઓના આશ્વાસનથી ભૂખહડતાલનો અંત લાવે છે. સર્જકને ત્યાં રોકાવું પડે છે તેમાં પોલીસ વાળાઓની પણ મજબૂરી હતી. એકાદ દિવસ પછી પોલીસ દ્વારા તેમને બારમેરથી મુનાબાવ થઈ પાકિસ્તાનમાં આવેલ ખોખરાપાર મોકલી દેવામાં આવે છે. પાકિસ્તાનના ઇમિગ્રેશન ખાતાના માણસો દ્વારા તેમની સખત તપાસ કરવામાં આવે છે. સર્જકના નસીબમાં તકલીફો હજી વધારે લખી હશે આથી ઇમિગ્રેશન ખાતાના અધિકારીઓને સર્જક પાસેથી બારડોલીની કોર્ટે આપેલ ચૂકાદાની નકલ મળી આવે છે. ચૂકાદામાં કોર્ટે સર્જકને ભારતીય નાગરિક ઠેરવ્યા હતા. આથી પાકિસ્તાનના ઇમિગ્રેશન ખાતાના અધિકારીઓએ સર્જકને પાકિસ્તાનમાં પ્રવેશવા ન દેતા મુનાબાવ પાછા એમ કહી મોકલી દીધા કે, 'આ ફ્રોડ છે. હિન્દુસ્તાનની કોઈ કોર્ટ પાકિસ્તાની નાગરિક માટે આવો ચુકાદો આપે જ નહીં. તમે પાકિસ્તાની નહીં. હિન્દુસ્તાની છો. જાવ પાછા...' (પૃ.૧૬૪)

પાકિસ્તાનથી ટ્રેનમાં સર્જક પાછા ભારત પહોંચે છે. મુનાબાવની પોલીસ અને ભારત ઇમિગ્રેશનના લોકો સર્જક પ્રત્યે ખૂબ રોષે ભરાય છે. 'ગાડી મુનાબાવ પહોંચી તો ત્યાં મને પાછો આવેલો જોઈને પોલીસવાળા તથા ઇમિગ્રેશન અફસરો રાતાપીળા થઈ ગયા. એકબે લાત ફટકારી. ગાળોનોય વરસાદ થયો. મારા સ્વમાની મિજાજ ઉપર આ એક આકરો પ્રહાર હતો., પણ હું લાચાર હતો. એનો જવાબ આપી શકાય એમ હતું જ નહીં. નરી તાનાશાહી હતી.' (પૃ.૧૬૪) પાકિસ્તાને અસ્વીકાર કર્યા પછી અનાયાસે ભારત પાછા આવવું પડે છે. પોલીસ પહેરા હેઠળ મુનાબાવ રેલ્વે સ્ટેશને જ રાત વીતાવવી પડે છે. પાછલા દિવસે ફરી

ભારતીય પોલીસ દ્વારા ધમકાવી પાકિસ્તાન જતી ટ્રેનમાં બેસાડી દેવામાં આવે છે. આ વખતે તો ધમકી પણ આપવામાં આવે છે કે, 'પાછા આવશો તો રણવિસ્તારમાં 'ગડરો'ના માર્ગે ભગાવી દઈશું. જીવો કે મરો અમારે શું. અડી કરી તો આ રાઈફલ છે...' (પૃ.૧૬૪) પણ પરિણામ પાછું એ જ આવે છે. તેમને પાકિસ્તાનમાંથી હાંકી કાઢવામાં આવે છે. આ જ બનાવ ત્રીજી વાર પણ બને છે આખરે ભારતમાં એક પોલીસ અધિકારીને તેમના પર દયા આવતા તે સર્જકને પોતાની સાથે પોતાના ઘરે લઈ જાય છે. ખાવાપીવાની વ્યવસ્થા પણ કરી આપે છે. થોડા દિવસો ત્યાં જ રહ્યા. આખરે પેલા પોલીસ અધિકારીની પણ મજબૂરી હોય છે કેમકે સર્જકને ભારતથી બહાર મોકલી દેવાનો તેમને સરકારી આદેશ થયેલો હતો. આથી તેઓ એક દિવસે સહાનુભૂતિ સાથે પોતાની મજબૂરી પણ જણાવે છે કે, 'તમે કવિ છો માટે મને તમારા પ્રત્યે ખાસ લાગણી છે. પાકિસ્તાન ન જવું હોય તો કહો, કોઈક પ્રબંધ કરાવી આપું, પણ ગુજરાતમાં નહીં, ક્યાંક બીજે જવું પડશે.' (પૃ.૧૬૫) પણ સર્જકને તો પાકિસ્તાન જવા સિવાય બીજો કોઈ છૂટકો નહોતો આથી પોતે પાકિસ્તાન જ જવાની ઇચ્છા વ્યક્ત કરે છે. આખરે બે દિવસ પછી આ પોલીસ અધિકારી એક દસ્તાવેજ તૈયાર કરાવડાવે છે અને સર્જકને વાંચ્યા વગર તેમના પર સહી કરવાનું કહે છે. સર્જક તેમ કરે પણ છે. આશ્ચર્ય વચ્ચે સર્જકને પાકિસ્તાન ઇમિગ્રેશન ખાતા તરફથી પાકિસ્તાનમાં રહેવાની પરવાનગી મળી જાય છે. હવે સર્જકને હાશકારો થાય છે. પોતાના કહી શકાય તેવા દેશમાં હોવાનો હાશકારો. પણ સાથે સાથે અત્યાર સુધી વેઠેલી વેદનાને વ્યક્ત કરતાં એમ પણ કહે છે કે, 'પોતાના માદરે વતનમાંથી હાંકી કઢાતા માણસે પછી કોઈ પણ દેશને સ્વીકારી લેવાનો હોય છે. એનો કોઈ વિકલ્પ હોતો નથી.' (પૃ.૧૬૬) સર્જકના આ વિધાનમાં ડાયસ્પોરાની પીડા છે, મજબૂરી છે. આમ, સર્જક પાકિસ્તાનને જ પોતાના વતન તરીક સ્વીકારી લે છે.

પાકિસ્તાનમાં આવ્યા પછી પણ તેમની તકલીફોનો અંત આવી જાય એવું સૌભાગ્ય તેમનું નહોતું. પાકિસ્તાનના ખોખરાપારથી તેમને હૈદરાબાદ (સિંધ) લઈ જવાય છે. સી.આઈ.ડી.ની મુખ્ય કચેરીમાં નોંધણી થયા પછી સર્જક દ્વારા અપાયેલી તમામ વિગતોની સી.આઈ.ડી.ના અધિકારીઓએ ખરાઈ કરી. રૂબરૂમાં પોતે ૧૯૪૯થી ૧૯૫૩ સુધી જે મેમણ અન્જુમન હાઈસ્કુલમાં ગુજરાતી વિષયના શિક્ષક તરીકે નોકરી કરી હતી તે હાઈસ્કુલના પ્રમુખ અને મહામંત્રી સમક્ષ લઈ જઈ તેમની સાક્ષી પણ લેવામાં આવી હતી. આવું વીસેક દિવસ ચાલે છે અને વીસ દિવસના અંતે સર્જકને કરાંચીમાં લઈ જઈ આઝાદ કરી દેવામાં આવે છે. આ ક્ષણે સર્જકને આઝાદીનો આનંદ હતો તો સાથેસાથે ઘણા પ્રશ્નોય હતા જેવા કે, 'કરાચી જેવા આ મોટા શહેરમાં જવું ક્યાં ? રહેવું ક્યાં? મારું કોઈ ઘર તો હતું નહીં!' (પૃ.૧૬૮)

આખરે એક જૂના શિક્ષક મિત્ર મહમદભાઈનો તેમને ભેટો થઈ જતા તેઓને શાંતિ થાય છે. દુનિયાના કોઈપણ ખૂણામાં જવાની તૈયારીએ તેમને પૂર્વ પાકિસ્તાન એટલે કે હાલના બાંગ્લાદેશમાં કરાચીની

એક પેઢી એમ. ઈ. દાદાભાઈ ઍન્ડ સન્સ દ્વારા એકાઉટન્ટની નોકરી આપવામાં આવે છે. દરિયાઈ માર્ગે સફર કરી સર્જક પૂર્વ પાકિસ્તાન પહોંચે છે. સર્જકને બંગાળી ભાષા નહોતી આવડતી અને જે લોકો પાસેથી તેમને કામ લેવાનું હતું તે લોકોને ઉર્દૂ ભાષા નહોતી આવડતી તેમ છતાં તેઓ વચ્ચે એક વ્યક્તિને રાખી પોતાનું કામ કરે છે. દોઢેક વર્ષ અહીંયા જ નોકરી કર્યા પછી આ જ પેઢીમાંથી સેવાનિવૃત્ત થયેલા ગંગાતસાહેબની દિકરી ફાતેમા સાથે તેમનું ફરીથી લગ્ન નક્કી થાય છે. આથી તેમની બદલી ફરી કરાચીમાં કરી આપવામાં આવે છે.

કરાચી આવ્યા પછી સર્જકના જીવનનો એક નવો જ તબક્કો શરૂ થાય છે. તેઓ પેઢીની નોકરી છોડી પોતાને મનગમતી નોકરી કરવા ખાતર 'ડૉન ગૃપ ઑફ ન્યુઝપેપર્સ'માં જાહેરખબર વિભાગમાં ભાષાંતરકાર તરીકે જોડાય છે. શુક્રવારે પ્રસિદ્ધ થતું 'ડૉન'નું ધાર્મિક પેજ પણ તેઓ સંભાળે છે. આ પેજમાં સંપાદક તરીકે તેમનું નામ નીચે છપાતું. સર્જક ધર્મે મુસ્લિમ છે પણ નામ 'દીપક' છે જે અમુક લોકોને ખટકે છે. તેથી સર્જકને તેઓ સલાહ પણ આપે છે કે, 'બદલાવી નાખો.તખલ્લુસ માટે કોઈ મુસ્લિમ નામ નથી મળતું' (પૃ.૨૦૪-૨૦૫) સર્જક આ લોકોની વાતને ગંભીરતાથી નથી લેતા. સર્જક આ કામની સાથે સાથે 'વતન' અખબારમાં ફિલમનું પેજ પણ સંભાળે છે. 'વતન'ના તંત્રી સાદીક સાહેબ સર્જકના કામથી ખુશ થઈ તેમને 'વતન'ના તંત્રી વિભાગમાં સમાવી લે છે. ૧૯૬૬-૬૭માં 'વતન' છોડી પાછા 'ડૉન ગુજરાતી'ના તંત્રી વિભાગમાં જોડાઈ જાય છે. અહીંયા સબએડિટર તરીકે જોડાયા પછી પોતાની કાર્યકુશળતાને લીધે એડિશન-ઇન-ચાર્જના હોદ્દા સુધી પહોંચી જાય છે.

એવામાં બારડોલીમાં રહેતી પોતાની માતાનું સ્વાસ્થ્ય બગડે છે. મુસાજી એટલે કે સર્જકને તેઓ મળવા માંગતા હતા પણ સર્જક માટે ભારત જવું હવે શક્ય નહોતું. પોતાની લાચાર અને બીમાર માતાની ભાળ લેવા જવા માટે જ સર્જક અસમર્થ નીવડે છે. તેમના માટે સૌથી મોટી તકલીફ એ હતી કે, 'હું વિદેશમાં હતો. પાસપોર્ટ વિના બારડોલી જવાનું શક્ય નહોતું. અને પાસપોર્ટ માટે અરજી કરી તો પત્રકારત્વ આડું આવી ગયું. એ ઐયુબી શાસનકાળ હતો અને વ્યવસાયી પત્રકારોના વિદેશગમન પર ઉપર નિયંત્રણ મુકાયેલું હતું. છાનબીન કરાતી અને ઇસ્લામાબાદથી ક્લીઅરન્સ મળ્યા પછી જ પાસપોર્ટ જારી કરવામાં આવતો હતો. આમ મારી અરજી ટલ્લે ચઢી ગઈ હતી.' (પૃ.૧૯૨) કારણકે આ વખત ૧૯૬૫નો હતો. ભારત પાકિસ્તાન વચ્ચે થયેલા યુદ્ધને કારણે પાકિસ્તાનમાં આવેલ ભારતનું એલચી ખાતું બંધ હતું. પોતાની જનેતાને મળવામાં અસમર્થ સર્જકની માનસિકતા પણ જૂઓઃ 'હું અતિશય ભૂંડી ભેંકાર પરિસ્થિતિના ભરડામાં આવી ગયો હતો. પરેશાનીનો પાર નહોતો. ભાગ્યની આ સિતમઝરીફી તો જુઓ કે તેણે માથી એ રીતે મને વિખૂટો કરી દીધો

હતો કે બારડોલીની દિશામાં એકાદું પગલું પાડવાનો અવકાશ રહ્યો ન હતો. જાળમાં જકડાયેલા મૃગ શો મને લાચાર કરી દીધો હતો! મિર્ઝા ગાલિબે કદાચ આવા જ કોઈક પ્રસંગે કહ્યું હશેઃ

કોઈ ઉમ્મીદ બર નહીં આતી
કોઈ સૂરત નઝર નહીં આતી

હવે હું હતો, માની યાદ હતી અને અશ્રુ હતાં ! ફતેમા આશ્વાસન આપતી હતી, પણ હવે આશ્વાસનનોય ક્યાં કશો અર્થ રહ્યો હતો!' (પૃ.૧૯૨) અને આખરે સમય તો પોતાનું કામ કરે જ છે તેમ સમય જતાં ૧૯૬૮ના નવેમ્બર મહિનામાં તેમને સમાચાર મળે છે કે 'MOTHER EXPIRED.' બાળપણમાં જ પિતાની છત્રછાયા ગુમાવ્યાં પછી જેના આધારે જીવન જીવ્યાં હતાં તે માતાની આ રીતે મળ્યાં વગર વિદાય થવાથી સર્જકની હાલત એકદમ લથડી જાય છે. પત્ની ફાતેમા માંડમાંડ સર્જકને સાચવે છે. માતાને યાદ કરી પોતાના દર્દને શબ્દો દ્વારા રજૂ કરતાં સર્જક લખે છે કે,

માની છાયામાં હું લીલોછમ હતો
હર્ષનો અવસર હતો, સરગમ હતો
મા વિનાની જિંદગાની ધૂળ છે!
જ્યાં નજર નાખું ત્યાં શૂળ જ શૂળ છે! (પૃ.૧૯૩)

૧૯૬૫ પછી પાકિસ્તાનની રાજકીય પરિસ્થિતિમાં ઘણા ફેરફારો થાય છે. ૧૯૭૦ પછી તો આ રાજકારણ નીતિનિયમોને નેવે મૂકી દે છે. તો બીજી બાજુ ડૉન ગૃપ ઑફ ન્યુઝપેપર્સના પત્રકારો અને પ્રેસ કામદારોનું એક કામદાર મંડળ હોય છે જેનું નામ હોય છે 'પાકિસ્તાન હેરલ્ડ વર્કર્સ યુનિયન'. આ કામદાર મંડળના આગેવાનોએ મેનેજમેન્ટ સાથે સાંઠગાંઠ કરી લીધેલી હોવાથી કર્મચારીઓની તકલીફો રોજેરોજ વધતી જતી હતી અને એનો કોઈ ચોક્કસ ઉકેલ પણ આવતા નહોતા. આથી ૧૯૭૪માં સર્જક પોતે કામદાર મંડળની ચૂંટણી લડે છે અને મહામંત્રી બને છે. મહામંત્રી બન્યા પછી કામદારો સાથે ચર્ચાવિચારણા કરી કાનૂની સલાહકારોની પણ મદદ લઈ તેઓ પોતાની વિવિધ માંગણીઓ મેનેજમેન્ટ સમક્ષ મૂકે છે. આ માંગણીઓ જોઈ મેનેજમેન્ટના અધિકારીઓની આંખો પણ ફાટી પડે છે. તેમની માંગણીઓ નીચે મુજબની હતી.

૧. નોકરિયાતોનું પ્રોવિડન્ટ ફંડ, જે મેનેજમેન્ટ પોતાના ઉપયોગમાં લઈ રહી છે તેના ઉપર દસ ટકાના દરે વ્યાજ ચૂકવવામાં આવે.

૨. વેજ બોર્ડે જાહેર કરેલી, પણ પ્રેસ કામદારોને ચૂકવવામાં આવી રહી નથી એ વચગાળાની ચુકવણી એરિયર્સ સમેત શરૂ કરવામાં આવે.

૩. નિવૃત્ત થતા નોકરિયાતો માટે પેન્શન પ્રથા શરૂ કરવામાં આવે.

૪. દર વર્ષે બે નોકરિયાતોને કંપનીના ખર્ચે હજ માટે મક્કા મોકલવામાં આવે અને

૫. ઓવર ટાઈમ કામનો દર દોઢાના બદલે બેવડો કરવામાં આવે. (પૃ.૨૧૦)

આ માંગણીઓને પૂરી કરવાને બદલે મેનેજમેન્ટ તરફથી સર્જકને લાલચ આપી માંગણીઓ પાછી ખેંચી લેવાની કોશિશ પણ બંધ બારણે કરવામાં આવે છે. પરંતુ સર્જક અડગ રહેતા મોટાભાગની માંગણીઓ સ્વીકારવી પડે છે. ૧૯૭૪ થી ૧૯૭૬ બે વર્ષમાં તેમણે કરેલા કામોને પરિણામે જ ૧૯૭૬ની કામદાર મંડળની ચુંટણીમાં તેમની આખેઆખી પેનલ ચૂંટાઈ આવે છે. આ વખતે સર્જકનો સૂર્ય સાતમા આસમાને ચમકતો હોય છે. છ વર્ષ સુધી મહામંત્રી તરીકે સેવાઓ આપ્યા પછી મંડળના પ્રમુખ કામગીરીમાં સહયોગ કરતા ન હતા આથી ૧૯૮૦માં પોતે પ્રમુખપદની ચુંટણી લડે છે, જીતે છે અને પ્રમુખ બને છે.

આ જ સમયગાળા દરમ્યાન પાકિસ્તાનમાં ૧૯૭૭ની ચૂંટણી આવી હોય છે. પી.એન.એ.ના અત્યાચારી વલણને લીધે પાકિસ્તાનમાં પીપલ્સ પાર્ટીની જીત થાય છે. પણ નવી સરકાર વિરુદ્ધ જઈ જનરલ ઝિયા અને તેમના સાથી જનરલો ચિશ્તી, આરીફ, અખ્તર અ. રહેમાન વગેરે વડાપ્રધાન ઝુલ્ફિકાર અલી ભુટ્ટોની સરકાર વિરુદ્ધ બગાવત કરે છે. પાકિસ્તાનમાં માર્શલ-લૉ લગાવી દેવામાં આવે છે. માર્શલ-લૉને ટકાવી રાખવા અને લોકોને રોજેરોજની વાસ્તવિકતાથી અજાણ રાખવા માટે તમામ પ્રકારના મીડિયા પર સેન્સરશિપ લગાડી દેવામાં આવે છે. આ સેન્સરશિપના લીધે 'લશ્કરી શાસકોની મરજી વિરુદ્ધ કશું જ છાપી શકાતું ન હતું, બોલી શકાતું ન હતું.' (પૃ.૨૨૩) બધી જ જગ્યાએ લશ્કરનું શાસન અમલી બની જાય છે. તેમ છતાં જો કોઈ પત્રકાર કે ઇલેકટ્રોનિક મીડિયા લશ્કરની વિરુદ્ધમાં કંઈ બોલે કે કંઈ છાપે તો તેમને જેલમાં પૂરી દેવામાં આવતા હતા. આવા સમયે સર્જક પત્રકારોની આઝાદી માટે શહેરમાં રેલીઓ યોજતા અને સભાઓ સંબોધતા હતા. જેના લીધે એકવખત સિંધ પોલીસની પોલિટિકલ બ્રાન્ચના એસ.એસ.પી. દાવૂદ તેમને મિત્રભાવે છેક ઘરસુધી આવી ચેતવણી આપી ગયા હતા કે તમારી પણ ધરપકડ થઈ શકે છે ચેતતા રહોજો. પણ સર્જક આ ચેતવણીને અવગણે છે. આખરે માર્શલ-લૉના નિયમ ૧૨ હેઠળ તારીખ ૧૨ ઓગસ્ટ ૧૯૭૮ના રાત્રે પોતાના રહેણાંક એવા મલીર વિસ્તારની પોલીસના ડી.એસ.પી. હુમાયુ તેમના કાફલા સાથે આવી સર્જકની ધરપકડ કરે છે. પોતે કોઈ આનાકાની કર્યા વગર ધરપકડ વહોરે છે. આત્મકથાના પૂર્વાર્ધ 'ઉછાળા ખાય છે પાણી'માં અહીંયા સુધીની કથા આલેખાયેલી છે. આગળની કથાનો અનુસંધાન ઉતરાર્ધ 'સાંકળોનો સિતમ'માં જળવાય છે.

આ સેન્સરશિપની કડકાઈ વિશે સર્જક નોંધે છે કે, 'છેક છેલ્લી ઘડીએ પણ નિયામકને ન ગમતા અગ્રલેખ, સમાચારો, તસ્વીરો યા કાર્ટૂનો રદ કરી દેવામાં આવતાં હતાં. આથી અખબારો એટલી ખાલી જગ્યાઓ સાથે કોઈ કોઢિયા જેવી શિકલમાં પ્રગટ થતાં હતાં. મતલબ કે ઝિયાની માર્શલ-લૉ સરકારની

તરફેણમાં હોય યા એના માટે કોઈ રીતે હાનિકારક ન હોય એ જ છપાતું. અને જે સીધી યા આડકતરી રીતે યા ઇશારારૂપેય ઝિયા સરકારની ટીકા કરી જતું હોય એવું કશું જ છાપી શકાતું ન હતું. સાચું કશું લખી કે બોલી શકાતું ન હતું.' (પૃ.૫) જે પત્રકારોને જેલમાં પૂરી દેવામાં આવતાં હતાં તેમની ગિરફ્તારીના કોઈ કાગળો નહોતા થતા. જેલતંત્ર પણ આ બાબતે કંઈ જ કરી શકવામાં અસમર્થ હોય છે. પણ એક બાબતે શાંતિ હતી કે તેમને અન્ય કેદીઓ કરતાં સારી સગવડ આપવામાં આવતી હતી કેમ કે સર્જક અને એના સાથીઓ કોઈ ગુનેગાર નહોતા પણ રાજકીય કેદીઓ કહેવાતા. તેમ છતાં જેલ તો જેલ હોય છે. વળી જેલનું એ મકાન ૧૯૮૬માં બનેલું હતું અને એ વખતે પણ છત સ્વરૂપે માત્ર નળિયા જ નંખાયા હતા જેમાં વર્ષો પછી પણ કોઈ સુધારો થયેલો નહોતો. પાછળથી તેમને પુસ્તકો અને અખબારો વાંચવાની અને લખવાની છૂટછાટ આપવામાં આવી હતી પણ સેન્સરશિપના કારણે થોડીક તકલીફો તો રહેતી જ હતી જેવી કે, 'જેલમાં અખબારો આવતાં હતાં. પણ કોઈ લૂંટાયેલા - કુટાયેલા મિસ્કીન માણસ જેવી દશામાં. એક તો લશ્કરી સત્તાવાળા સેન્સર કરીને અખબારોનાં રંગરૂપ બગાડી નાખતા હતા. રહીસહી કસર જેલ સત્તાવાળા પુરી કરતા હતા. તેય કાતર ચલાવતા. જે સમાચારો તથા લેખોને તેઓ અમારી જાણકારી માટે અયોગ્ય સમજતા તેને કાપી લેવામાં આવતા. ત્યાર પછી સાવ વેરણછેરણ અખબારો અમારી બેરેકોમાં આવતાં. આથી અમારી 'અખબારી આઝાદી' માટેની ચળવળને લગતી કોઈ માહિતી અમને અખબારો દ્વારા મળી શકતી ન હતી. ઉપયોગી લેખો કે કટારોય વાંચવા મળતાં ન હતાં. આ જુલમ હતો! જબરો માનસિક ત્રાસ હતો. જનાવરો સાથે નથી કરાતો એવો વર્તાવ પત્રકારો સાથે કરાઈ રહ્યો હતો.' (પૃ.૨૯) પણ સદનસીબે ૨૯ ઓગસ્ટના રોજ તેમની કરાચી જેલમાંથી હૈદરાબાદ જેલમાં ટ્રાન્સફર થાય છે. આ નવી જેલમાં રહેવા માટે સારી સુવિધાઓ હોય છે. થોડા સમય અહીંયા રહ્યા પછી તેમને જાતે રાંધીને ખાવાની પણ છૂટ આપવામાં આવે છે.

જેલમાં આવ્યે ચાલીસેક દિવસ થવા આવ્યા હતા તેમ છતાં સેન્સરશિપ હળવી નહોતી થઈ રહી. પત્રકારો ઉપર હજી એટલી જ કડકાઈ વર્તવામાં આવી રહી હતી આથી અકળાયેલા પત્રકારો હવે જેલમાં જ નિયમ વિરુદ્ધ ભૂખ હડતાળ કરવાનું નક્કી કરે છે. સર્જકને તેના બીજા બધા સાથીઓ આમ તો રાજદ્વારી કેદીઓ હતા તેમ છતાં જેલમાં ભૂખ હડતાળ કરવી એ ગૂનો બનતો હોય છે. આ બધું જાણતા હોવા છતાં તેની પરવાહ કર્યા વિના સૌ લોકો એવું નક્કી કરે છે કે ૨૧મી સપ્ટેમ્બરથી જેલમાં જ ટૂકડી પાડ્યા પ્રમાણે વારા ફરતી ૪૮-૪૮ કલાકની ભૂખહડતાળ કરવાની શરૂઆત કરવી. બે દિવસ પછી સર્જકનો વારો આવે છે. સર્જક ૪૮ કલાક ભૂખહડતાળ કરવાના બદલે આમરણાંત ભૂખહડતાળ કરવાનું નક્કી કરે છે. જેલના અધિકારીઓ સર્જક અને બાકીના ભૂખ હડતાલ કરનારા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરે છે. જેથી કરી સર્જકને નાનકડી ખોલીમાં પૂરી દેવામાં આવે છે. આ ખોલી એટલે, 'સાત બાય ચૌદની એ ખોલીમાં અમે ત્રણ

જણ હતા અને એના એક ખૂણામાં પેશાબ માટેનું એક ઠીબલું હતું. રાત્રે યા દિવસે, બેરેક બંધ હોય ત્યારે, અગર લાગે તો એ ઠીબલામાં પેશાબ કરવાનો હતો. બલ્બ એક જ હતો. પંખાનું નામ ન હતું. અને બારી પણ ન હતી કે હવા આરપાર પસાર થઈ શકે અને સખત ગરમીમાં કાંઈક રાહત મળી શકે. આ ખોલીમાં એક તો સખત બફારો થઈ રહ્યો હતો અને બીજું આ કે સમય કેમ કરીને પસાર કરવો એ એક મોટો પ્રશ્ન હતો. વાંચવા, લખવા કે રમવાનું કોઈ જ સાધન ન હતું. વાત પણ કોની સાથે કરવી ? આસપાસ દીવાલો અને કાળા સળિયા સિવાય કાંઈ જ ન હતું ! કોઈ ચકલુંયે ફરકતું ન હતું કે તેને જોઈનેય મન રાજી થાય.' (પૃ.૮૪)

પત્રકારોની આ ભૂખ હડતાળને પગલે સરકારનું વલણ થોડું હળવું થાય છે. રાવલપિંડીમાં પત્રકારો સાથે વાતચીત કરવા સરકાર તૈયાર થાય છે અને આખરે ૬ કે ૭ ઓક્ટોબરના રોજ આ વાતચીત સમાધાનની ક્ષણે આવી પહોંચે છે. જેના પરિણામે સર્જક અને તેમના સાથીઓને જેલવાસ ભોગવ્યાને પૂરા ત્રણ મહિના પછી એટલે કે ૧૨ ઓક્ટોબર ૧૯૭૮ને સવારે જેલમુક્ત કરી દેવામાં આવે છે. આ જેલવાસ દરમ્યાન લશ્કરી સરકારના દબાણના લીધે સર્જકનો પગાર પણ અટકાવી દેવામાં આવ્યો હોય છે.

આટલું બધું થયા પછી પણ પાકિસ્તાનનું રાજકારણ પાટે આવતું નથી હોતું. ૧૯૭૯માં પાકિસ્તાનના પહેલા ચૂંટાયેલા વડપ્રધાન ઝુલ્ફિકારઅલી ભુટ્ટોને કાવાદાવાઓ કરી લશ્કરી અધિકારીઓ દ્વારા ફાંસી આપી દેવામાં આવે છે. ૧૯૮૪-૮૫ના સમયગાળા દરમ્યાન પાકિસ્તાનમાં સિંધ અને કરાચી વિસ્તારમાં કત્લેઆમ થાવા લાગે છે. દેશમાં આટલી હદે અંધાધૂંધી હોવા છતાં જનરલ ઝિયા એકપણ વખત કરાચીની મુલાકાતે આવતા નથી. આ નિષ્ઠુરતા જોઈ સર્જકની કલમ કટાક્ષ સ્વરૂપે લખે છે કે,

બળે છે શહેર, બળવા દે, તું હસ્યા કર
રડે છે લોક, રડવા દે, તું હસ્યા કર
તું શાસક છે, તને કૈં લાગણી શોભે
મરે છે લોક, મરવા દે, તું હસ્યા કર (પૃ.૧૧૩)

તો અમલદારો અને સરકારી અધિકારીઓને પ્રશ્ન સ્વરૂપે લખે છે કે,

કેટલા ભયાનક છે. આ નગરના રસ્તાઓ
બંદૂકોની ભાષામાં થાય છે અહીં વાતો
ખૂન આગનું તાંડવ, હર ગલીમાં છે લાશો
શાસકો, તમે ક્યાં છો? કેમ છે આ તોફાનો?
કોણ છે ગુનેગારો ? કૈં જવાબ તો આપો ? (પૃ.૧૧૪)

પણ કુદરત તો પોતાનું ન્યાય કરે જ છે આથી ૧૯૮૮માં જનરલ ઝિયા હવાઈ મુસાફરી કરી રહ્યા હતા ત્યારે વિમાનમાં અચાનક ધડાકો થતા તેમનું પણ મોત નીપજે છે. આમ, માત્ર નેવું દિવસ માટે લાદવામાં આવેલી માર્શલ-લો પાકિસ્તાનને દસ વર્ષ સુધી ઝકડી રાખે છે.

તારીખ આવે છે ર૩મી સપ્ટેમ્બર, ૧૯૯૦. દિવસ દરમ્યાનના કામકાજ પતાવી સાંજે ઓફિસેથી છૂટી સર્જક ઘરે જવા નીકળે છે. ઘરે પહોંચે છે તો લોકોનું એક ટોળું ઘરને ઘેરીને ઊભું હતું. ઘરે પહોંચતા જ તેમનો તેર વર્ષનો પુત્ર નદીમ અહમદ તેમને ભેટીને રડવા લાગે છે. ઘરમાં જઈને જુએ છે તો પોતાની જીવનસાથી ફાતેમાનું નિષ્પ્રાણ શરીર પડ્યું હતું. સર્જકને સર્વસ્વ લૂંટાઈ ગયાની અનુભૂતિ થાય છે. બપોરે આરામ કરતી વખતે જ ફાતેમાને હૃદયરોગનો હુમલો આવ્યો એવું પાછળથી જાણવા મળે છે. માતા-પિતાતો પહેલેથી જ ચાલ્યા ગયા હતા, જીવન જીવવાનો એકમાત્ર સહારો હતો તે ફાતેમા પણ તેમને અચાનક જ આવી રીતે છોડીને ચાલી જશે એવી તો કલ્પનાય કોને હોય?

પત્ની ફાતેમાના ચાલ્યા ગયા પછી તેમનું મન હવે ક્યાંય લાગતું નથી હોતું આથી ૧૯૮૬માં જ બ્રિટન ગયેલા પુત્ર જમીલ અહમદના કહેવાથી અને બીજા સૌ લોકોના પણ આગ્રહના કારણે સર્જક આ ગોઝારી ઘટનાના એકાદ વર્ષ વિત્યા પછી ૭ નવેમ્બર ૨૦૦૦ના રોજ પોતાના વતન પાકિસ્તાનને પણ કાયમ માટે છોડી બ્રિટનમાં સ્થાયી થઈ જાય છે. આત્મકથાનો બીજો ભાગ પણ અહીં પૂર્ણ થાય છે.

સર્જક બારડોલી છોડી પાકિસ્તાન ગયા ત્યારથી તેમને ગુજરાતી સાહિત્ય પ્રત્યે અને ગઝલો પ્રત્યે ખાસ મમત્વ રહ્યું છે. પાકિસ્તાનમાં પણ તેઓ મુશાયરાઓ અને ગુજરાતી સાહિત્યને આગળ ધપાવવાના પોતાનાથી બનતી તમામ પ્રકારની કોશિશો કરતાં રહેતા હોય છે. માતૃભાષા ગુજરાતીને તેઓ ક્યારેય ભૂલતા નથી. 'ગુજરાતી કવિ મંડળ' નામની ગુજરાતી શાયરોની એક સંસ્થા પાકિસ્તાનમાં 'વસંતોત્સવ' શીર્ષક હેઠળ એક કવિ દરબારનું આયોજન કરે છે જે ખુબ જ સફળ પણ રહે છે. આ કાર્યક્રમ માટે તેમને ગુજરાતી સાહિત્યના જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ઉમાશંકર જોશી તરફથી પણ શુભેચ્છા સંદેશ મળે જે આ પ્રમાણેનો હતોઃ 'તમો, ગુજરાતથી દૂર, ગુજરાતી ભાષા માટે જે કાર્ય કરી રહ્યા છો તેની નોંધ ગુજરાતી ભાષા-સાહિત્યના ઇતિહાસમાં જરૂર લેવાશે. તમારા પ્રયાસોની સફળતા ઇચ્છું છું.' (પૃ.૧૧૬-૧૧૭) આ સંસ્થાનું નામ બદલી પાછળથી ગુજરાતી કવિ સંગત કરવામાં આવે છે અને આ સંસ્થાના પ્રમુખ તરીકે પણ સર્જક ચૂંટાય છે. તો ૧૯૮૬થી પુત્ર જમીલ અહમદ બ્રિટનમાં સ્થાયી થયેલ હોવાથી તેઓ પણ બ્રિટનની મુલાકાતો લેતા હોય છે એ દરમ્યાન બ્રિટનમાં ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે બહુ મોટું નામ એવા વિપુલ કલ્યાણી સાથે તેમનો મેળાપ થતા બ્રિટનમાં પણ તેઓ 'પાકિસ્તાનમાં ગુજરાતી ભાષા-સાહિત્યની સ્થિતિ' વિષય અંતર્ગત એક પ્રવચન આપે છે.

બ્રિટનમાં એકવખત તેમણે પોતાના પ્રવચનમાં કહેલું કે, 'કોઈ પણ પ્રજા પોતાની જન્મભૂમિ સાથે નાતો કાપી નાખ્યા પછી, લાંબે ગાળે, ઘણું કરીને પોતાની ભાષા જાળવી શકતી નથી. અગર કોઈ પ્રજા એવા સંજોગોમાં પોતાની ભાષા જાળવવામાં સફળ થઈ જાય તો પણ રંગરૂપ બદલાઈ ગયા વિના રહેતાં નથી.' (પૃ.૧૩૫) ડાયસ્પોરા સાહિત્યની આ જ નિયતિ છે. આ સંઘર્ષો વચ્ચે ડાયસ્પોરાએ જીવવાનું હોય છે. પાકિસ્તાનના મુકાબલે બ્રિટનમાં ગુજરાતી ભાષા અને સાહિત્યનો સારો એવો વિકાસ થયેલો છે એવા અનુભવો સર્જકને પણ થાય છે. તેમ છતાં ડાયસ્પોરાનું ભવિષ્ય ભાખતા હોય તેમ પોતે કહે છે કે, 'પણ આખરે ક્યાં સુધી? આગળની એક-બે પેઢી બાદ કદાચ શ્રોતાઓને શોધવા જવું પડે અને ત્યારે કદાચ આવા જવાબોય મળેઃ "સોરી, વી કાન્ટ અન્ડરસ્ટેન્ડ...!" "સોરી, વી ડુ નોટ લાઈક ઈટ...!" "સોરી, હવે નો ટાઈમ...!"' (પૃ.૧૩૬)

ગુજરાતી ભાષાની વાત થાય છે ત્યારે સર્જકે 'મિલ્લત'માં કામ કરતી વખતે થયેલા અનુભવ વિશેની નોંધ અહીં મૂકવી જોઈએઃ "'ગુજરાતમાં તો 'જોડણી-વિચાર', 'જોડણી સુધાર'નું બખડજંતર હમણાં થોડાં વર્ષોથી જાગ્યું છે અને હ્રસ્વ ઇ તથા દીર્ઘ ઊનો છેદ ઉડાવી દેવા માટે આગ્રહ સેવાઈ રહ્યો છે, પરંતુ પાકિસ્તાનમાં એ સિદ્ધાંત ઉપર, કશાયે ઊહાપોહ વિના, ૧૯૪૭-૪૮થી અમલ શરૂ થઈ ગયો હતો. 'મિલ્લત' અને એના સમાચાર તંત્રી ઝયનુલ આબેદીન કદાચ એમાં સૌથી આગળ હતા. હું ક્યારેક જોડણીની ફિકર કરતો ત્યારે તેઓ કહેતા. 'એ વેદિયાપણું રહેવા દો, માસ્તર ! કપાસિયાને હ્રસ્વ ઇથી લખો કે દીર્ઘ ઈથી લખો. કયો ફેર પડે છે ! લોકો સમજે છે, કપાસીયા એટલે કપાસિયા. ભાવમાંયે કશો ફેર પડતો નથી ! પૂળો મૂકો હ્રસ્વ ઇને. એનું કામ શું છે?!" (પૃ.૧૪૪) આમ, સમય પ્રમાણે અને સંજોગો મુજબ વ્યક્તિની જેમ ભાષાએ પણ બદલાવું પડે અને પરિસ્થિતિઓને અનુરૂપ પોતાને ઢાળવી પડે તો જ તે ટકી શકે એ આ વિધાનો દ્વારા સમજી શકાય.

ચંદ્રકાન્ત બક્ષી આ આત્મકથાની પ્રસ્તાવનામાં જ આને 'આત્મગાથા' અને 'આત્મવ્યથા' તરીકે ઓળખાવે છે. બળવંત જાની આ આત્મકથા વિશે નોંધે છે કે, "જ્યારે પરિસ્થિતિને બદલી શકવાની શક્યતા ન હોય ત્યારે સમજદાર વ્યક્તિ એમાંથી પોતાના જીવનના શાતાદાયક ભવિષ્ય માટે પરિસ્થિતિ સાથે સમાધાન કરતો હોય છે. એમના શબ્દવિશ્વમાંથી પસાર થતાં વાચકનું ચિત્ત ખિન્ન થયા વગર ન રહે. પરંતુ આ જ જીવનસંઘર્ષ જયારે કલાના રૂપમાં સૌંદર્યસભર રજૂઆત પામે છે ત્યારે સહ્ય બનતો અનુભવાય છે. સર્જકે જીવનસંઘર્ષનો પૂર્ણ તાગ મેળવ્યો છે. ને તેથી જ પોતાની ઇચ્છા કે પોતાની ચિંતાથી પરિસ્થિતિ એક સીમા પછી બદલી શકાતી નથી, તેવું ચિંતન એમને હસ્તગત કર્યું જણાય છે. ને તેથી જ કહ્યું છે, શું હવે કરવી કોઈ ફરિયાદ પણ. અતીતનો સંઘર્ષ સાંપ્રતને પ્રભાવિત કરતો રહે એ જોખમભર્યું હોય છે, સ્વવિકાસને રૂંધનારું હોય છે તેથી જ એની વિસ્મૃતિ થાય તે જરૂરી. આ બે શેરમાં દીપક બારડોલીકરે ડાયસ્પોરા સંદર્ભે

એમને થયેલા અનુભવો, સંઘર્ષો, વ્યક્તિગત પીડા તેમ જ વ્યક્તિગત વ્યાપકદષ્ટિ પ્રગટ કરી છે. અનુભવમૂલક આ કટુ સત્ય અને વરવી વિગતો એમ બધું જ ભારે હૃદયસ્પર્શી રીતે અને ચિંતનાત્મક રૂપે રજૂ થયું છે.” (દીપક બારડોલીકરની ડાયસ્પોરા કવિતા, સંપાદકઃ બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૦, પૃ.૩૪-૩૫)

આમ, આ આત્મકથામાંથી પસાર થતાં સર્જક જીવન વિશેની ઘણી બધી હકિકતો આપણને મળે છે. આમાં ભારતથી નિષ્કાસિત થયા પછી પાકિસ્તાન જતી વખતે તેમને થયેલા અનુભવોમાં ડાયસ્પોરાના જીવનની વ્યથા છે તો સાથે સાથે ત્યાં સ્થાયી થવા માટે તેમણે કરેલો સંઘર્ષની ગાથા પણ છે. માતાની બિમારીમાં પણ વતન પાછા ન આવી શકવાની લાચારીનું પણ અહીં આલેખન થયું છે. પરિવાર હોવા છતાં મોટાભાગે પરિવાર વિહોણા જીવવાની આ વ્યથાકથા બની રહે છે. સાહિત્યનો સાથ તેમાં જરૂર મદદે આવે છે. તો કવિ દીપક બારડોલીકરનો લાભ આત્મકથાકાર દીપક બારડોલીકરને થાય છે તેના પણ ઘણા બધા ઉદાહરણો આપણે અહીંયા જોયા છે. બારડોલીથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન અને છેલ્લે બ્રિટન આમ જીવન જીવવા માટે કરવા પડેલા સ્થળાંતરોની આખી દાસ્તાન અહીં વ્યક્ત થઈ છે. નિયતિને સ્વીકારી જીવનમાં ક્ષણે ક્ષણે આવતી તકલીફોનો એકદમ મક્કમ રીતે સામનો કરવાની વાત આ આત્મકથા કરે છે. આ સમગ્ર આત્મકથામાં ક્યાંય હતાશા કે નિરાશા જોવા મળતી નથી જેથી વાચકને એક હકારાત્મક અનુભૂતિ કરાવતી આ કૃતિ છે. પોતે જ્યારે જ્યારે કોઈ ઐતિહાસિક ઘટનાઓ વિશે વાત કરે છે ત્યારે જરૂરી જણાય તો તેમણે આ ઘટનાઓ વિશે સંદર્ભો પણ આપ્યા છે જે એક સત્યનિષ્ઠ સર્જક તરીકેની તેમની છાપ ઉપસાવે છે.

સંદર્ભગ્રંથઃ

૧. ઉછાળા ખાય છે પાણી, દીપક બારડોલીકર, ગુજરાત સાહિત્ય અકાદમી-ગાંધીનગર, પ્રથમ આવૃત્તિઃ ૨૦૦૪

૨. સાંકળોનો સિતમ, દીપક બારડોલીકર, નવભારત સાહિત્ય મંદીર – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૧૯૯૯

❖ ૪.૪ દીપક બારડોલીકરની નવલકથામાં ડાયસ્પોરિક વલણો

ઓપિનિયન સામયિકમાં જૂન-૨૦૧૨થી નવેમ્બર-૨૦૧૨ દરમ્યાન પ્રકાશિત થયેલ ચોવીસ પ્રકરણોમાં વિભાજીત થયેલી દીપક બારડોલીકરની લઘુનવલ એટલે ‘બખ્તાવર’. બખ્તાવર આ નવલકથાનો નાયક છે. બખ્તાવર એટલે ભાગ્યશાળી. પ્રથમ પુરુષ એકવચનના કથનકેન્દ્રથી આલેખાયેલી આ નવલકથા ભારત પાકિસ્તાનના ભાગલાઓ વખતના સમયથી માંડીને છેક વર્ષ ૨૦૦૦ સુધીના સમયપટને આલેખે છે.

- કથાવસ્તુ

વીસમી સદીના અધવચાળાના સમયે ભારતના ભાગલા થયા ત્યારે બનેલી ઘટનાઓની પ્રસ્તુતિ આ નવલકથામાં થયેલી છે. થોડા મુસ્લિમ લોકો ભારતથી હિજરત કરી પાકિસ્તાન તરફ જઈ રહ્યા હતા ત્યારે એક શીખ લોકોના ટોળાએ તે લોકો ઉપર અચાનક હુમલો કર્યો. પુરુષોને મારી નાખવામાં આવ્યા. સ્ત્રીઓનું અપહરણ કરવામાં આવ્યું. આ ટોળામાંથી ચાર લોકો બચી જવામાં સફળ રહ્યા. પોતાનો જીવ બચાવવા તેઓ ભાગતા રહ્યા. દિવસ ઢળવા લાગે છે. રાત્રીનો અંધકાર વધતો જાય છે તેમ છતાં દિશાહીન આ ચારેય લોકો દોડતા જાય છે. દોડતા દોડતા બે લોકો અલગ પડી જાય છે. બાકી બચેલ નાયક બખ્તાવર અને અન્ય એક જણ ખૂબ જ થાકી ગયા હોવાથી કોઈ અજાણ જગ્યાએ સૂઈ જાય છે. આ સમગ્ર ઘટનાક્રમ વખતે બખ્તાવરની ઉંમર બાર વર્ષની હોય છે. સવારે બખ્તાવરની આંખ ખૂલે છે ત્યારે તેની આસપાસ કોઈ નથી હોતું. તેનો સાથીદાર પણ ક્યાંક જતો રહ્યો હોય છે. બખ્તાવર મહામહેનતે ત્યાંથી ચાલવાની શરૂઆત કરે છે; અચાનક ભજનોનો અવાજ સંભળાવા લાગે છે. અવાજની દિશામાં જતા પોતે એક સાધુની ધોલકી પાસે પહોંચે છે. સૂમસામ જગ્યાએ બાર વર્ષના એક બાળકને આવેલ જોઈ સાધુ અને એના બે ચેલા પણ સ્તબ્ધ રહી જાય છે. આ સાધુ બખ્તાવરને પાણી પાઈ થોડું ભોજન આપે છે. ખૂબ થાકેલ હોવાથી બખ્તાવર અલ્લાહનું નામ લઈ સૂઈ જાય છે.

સવારે જાગ્યા પછી બખ્તાવરને જાણ થાય છે કે સાધુને સૌ કોઈ ભગતકાકાના નામે ઓળખે છે. પણ તેનું સાચું નામ અમરસિંહ છે. બખ્તાવર પોતાની સમગ્ર કથની ભગતકાકાને કહે છે. ભગતકાકાનું હૃદય પણ દ્રવી ઉઠે છે. ભગતકાકા બખ્તાવરને હવે ક્યાં રહેવું છે એવો પ્રશ્ન કરે છે ત્યારે પોતે પાકિસ્તાન જવાનું કહે છે. પંદરેક દિવસ ત્યાં જ રહ્યા પછી ભગતકાકા બખ્તાવર અને કનુભા નામના ત્રીજા વ્યક્તિને લઈને રાત્રે બે ઉંટ લઈ પાકિસ્તાન જવા નીકળે છે. પાકિસ્તાનની સરહદ નજીક આવતા કનુભા બખ્તાવરને પચાસ પચાસની બે નોટ આપી પાછા ફરી જાય છે. ભગતકાકા સરહદથી વાકેફ હતા આથી નિશ્ચિત જગ્યાએથી સરહદ ઓળંગી પાકિસ્તાન પહોંચી જાય છે. પાકિસ્તાનમાં ભગતકાકાના એક મિત્ર હતા સાંઈ ગુલામનબી. કે જેઓ થરપારકરના રણની વચ્ચે આવેલા એક છાછરો ગામના વતની હોય છે. ભગતકાકા બખ્તાવરને ત્યાં લઈ જાય છે. સાંઈ ગુલામનબી પોતે જમીનદાર અને સુખીસંપન્ન પરિવારના વ્યક્તિ હોય છે. પરંતુ લગ્નને પંદર વર્ષ થઈ ગયા હોવા છતાં તેમની પત્ની સુગરાનો ખોળો હજી ખાલી જ હતો. ચાર દિવસ ત્યાં રહ્યા પછી બખ્તાવર સાંઈ ગુલામનબીને સોંપી ભગતકાકા ભારત પાછા આવવા નીકળી પડે છે. બખ્તાવરને સાંઈ ગુલામનબી મહેમાનને બદલે પોતાના પુત્ર જેટલા પ્રેમથી સ્વીકારે છે. દંપતિ ખુશ થઈ જાય છે. બખ્તાવર સાંઈ ગુલામનબીને સાંઈ અને તેમની પત્નીને સુગરામાના નામથી સંબોધવા લાગે છે. સાંઈ બખ્તાવરને રહેવા માટે પોતાની હવેલીમાં એક વ્યવસ્થિત અને તમામ સુવિધાઓવાળો ઓરડો આપે છે. બખ્તાવર માટે જરૂરી

ચીજવસ્તુઓ જેવી કે કપડાં, ચંપલ વગેરે લઈ આપે છે. બખ્તાવર પોતે સિંધી બોલતાં શીખે છે અને મેટ્રિક સુધીનો અભ્યાસ પણ પૂર્ણ કરે છે. બખ્તાવરની ઉંમર હવે સોળ સત્તર વર્ષ જેવી થાય છે. સાંઈ ગુલામનબીની તબિયત હવે પહેલા કરતાં થોડી નરમ રહેતી હોવાથી બખ્તાવર કોલેજ જવા કરતાં સાંઈના કામમાં મદદ માટે જોડાઈ જાય છે. ગામમાં પણ બખ્તાવરની સારી એવી નામના થવા લાગે છે. આ પ્રસંશાથી અમુક જમીનદારોના પેટમાં તેલ રેડાય છે. તેઓ જાણતાં હતાં કે બખ્તાવર સાંઈનો સગો દીકરો નથી આથી બખ્તાવરને ડરાવી ધમકાવી સાંઈથી અલગ પાડી દેવા ખાતર તક શોધી બખ્તાવર પર હુમલો કરે છે. બખ્તાવર બચી જાય છે અને તેનો મિત્ર આ હુમલાખોરોમાંથી એકને ઓળખી જાય છે. સાંઈ ગુલામનબી આ બાબતે પોલીસમાં ફરિયાદ નોંધાવે છે. પોલીસ થાણેદાર ખયબરખાન આ ત્રણેય હુમલાખોર જમીનદારોને સારો એવો માર મારી ચેતવણી આપી છોડી મૂકે છે. પણ જમીનદારો એમ શાંત થઈ જાય એવા ક્યાં હતા! તેઓ ખયબરખાન વિરુદ્ધ ઉપરી અધિકારીઓને ફરિયાદ કરે છે પણ ખયબરખાનની વફાદારી અને ઉપરી અધિકારીઓ સુધીની ઓળખાણ તેમને બચાવી લે છે. તેવામાં ભારતથી સમાચાર આવે છે કે ભગતકાકાનું અવસાન થયું છે. ભગતકાકાના અવસાનથી સાંઈ ગુલામનબી અને બખ્તાવર ખૂબ જ દુઃખી થઈ જાય છે.

થરપારકરમાં એકવાર અચાનક અતિવૃષ્ટિ થાય છે. લોકો બેઘર થઈ જાય છે અને પોતાની બધી માલમતા ગુમીવી દે છે ત્યારે સાંઈના કહેવાથી બખ્તાવર આ સૌ લોકોની મદદ કરે છે. એવામાં તેનો પરિચય આવી જ રીતે ગરીબોની મદદ કરતી નૂરજહાંથી થાય છે. નૂરજહાં એક જમીનદાર સાથે લગ્ન કરી અહિયા આવી હોય છે પણ જમીનદારનું અવસાન થઈ જવાથી પોતે વિધવા હોવા છતાં પોતાની સૂઝબૂઝથી જમીનદારી કરતી હોય છે. નૂરજહાં બખ્તાવર તરફ આકર્ષાય છે. બખ્તાવરને પણ તેના પ્રત્યે લાગણી જાગે છે પણ એક તો વિધવા સ્ત્રી અને પોતાના પર સાંઈ ગુલામનબીના અહેસાનોના લીધે બખ્તાવર નૂરજહાંને અવગળ્યા કરે છે. નૂરજહાં સમજદાર, સંસ્કારી અને ચાલાક પણ હતી. સીધી રીતે બખ્તાવર તરફથી કોઈ પ્રતિસાદ ન મળતાં નૂરજહાં સુગરામાને મળી તેમનાથી ઓળખાણ કરી બખ્તાવર અને તેમને એકસાથે પોતાની હવેલીએ બોલાવે છે. સાંઈ ગુલામનબીને આ ગમતું નથી પણ તેઓ બખ્તાવરને સીધી રીતે કશું કહેતા નથી તેમ છતાં બખ્તાવર અને સુગરામા સાંઈ ગુલામનબીની નૂરજહાં પ્રત્યેની નારાજગી જાણી જાય છે. સાંઈ ગુલામનબીની તબિયત હવે વધારે ખરાબ થવા લાગે છે, સારી જગ્યાએથી નામચિન ડૉક્ટરો પાસેથી દવાદારૂ કરાવ્યાં પછી પણ તેમનામાં કોઈ સુધારો નથી થતો. સાંઈ પણ જાણી ગયા હોય છે કે પોતે થોડાં દિવસોના મહેમાન છે આથી તેઓ પોતે જ એક વસિયતનામું તૈયાર કરે છે અને પોતાની તમામ સંપતિ બખ્તાવરને નામે કરવાનું નક્કી કરે છે. બખ્તાવર તમામ સંપતિ સુગરામાને નામે કરવાનું કહે છે પણ સાંઈ ગુલામનબી પાસે એના ચોક્કસ કારણો હોય છે. જેવા કે, ‘આવતી કાલે મારાં સગાસંબંધી મારી મિલકતોમાં

ભાગ પડાવવા માટે ન આવે. તને ખબર નથી, પુત્ત, અહીંયા આવું ઘણું થાય છે. પટવારીને લાંચરુશ્વત ચાંપીને દસ્તાવેજોય બદલાવી નંખાવે...કહેશે ગુલામનબીની કોઈ ઓલાદ નથી. એના વારસ અમે છીએ... તેમનો પક્ષ લેનારા ય નીકળી આવે. તને બેઘર કરે. બધું હડપ કરી જાય! તારી માનેય ક્યાં તો, રડાવે! અહીં તો આવા ઘણા તમાશા થતા રહે છે...બધું અંધેર છે, અંધેર!'[૧] પોતાના ગયા પછી સુગરામાની કાળજી રાખવાની પણ સલાહ આપે છે. થોડા દિવસો પછી સાંઈ ગુલામનબી દુનિયા છોડી ચાલ્યાં જાય છે. આ વખતે બખ્તાવરના માથેથી બીજી વખત પિતાની છત્રછાયા છિનવાઈ જાય છે.

દુઃખની આ ઘડીમાં નૂરજહાં બખ્તાવર અને સુગરામાની વહારે આવે છે. નૂરજહાંના સંસ્કારો આ વખતે સૌ કોઈને આકર્ષે છે. આખી હવેલી અને સૌ કોઈનું ધ્યાન એકલા હાથે રાખતી નૂરજહાં સુગરામાના હૃદયમાં પણ વસી જાય છે. સાંઈ ગુલામનબીની બીમારી વખતે નૂરજહાંના ભાઈ કરીમબક્ષથી બખ્તાવરનો ભેટો થાય છે. જે કલેક્ટર કચેરીમાં અમલદાર તરીકે નોકરી કરતાં હોય છે. નૂરજહાંના પરિવારમાં તેના આ ભાઈ સિવાય બીજું કોઈ નથી હોતું. સુગરામા એકવખત મોકો જોઈ કરીમબક્ષ સમક્ષ બખ્તાવર અને નૂરજહાંના લગ્નની વાત કરી દે છે. આખરે બધું વ્યવસ્થિત રીતે ગોઠવાઈ જાય છે. હવેલીમાં શાદીની શહેનાઈઓ વાગતી હોય છે ત્યારે પેલા જમીનદારો કે જેઓએ બખ્તાવર પર હુમલો કર્યો હતો તેઓ ફરી પાછા બખ્તાવર વિરુદ્ધ કાવતરું કરે છે. કેમકે, બખ્તાવરથી તેમની દુશ્મની તો પહેલેથી જ હતી પણ તેઓની ઇચ્છા નૂરજહાંને પોતાના ઘરમાં લાવવાની હતી તે પણ પૂરી ન થઈ શકી. આથી આ લોકો બખ્તાવર ભારતીય જાસૂસ છે, પાકિસ્તાની નાગરિક નથી અને મુસલમાન પણ નથી એવા પોસ્ટરો આખા ગામમાં લગાવે છે પણ તેઓ આ કામ કરતાં હોય છે ત્યારે પોલીસ દ્વારા રંગેહાથ ઝડપાઈ જાય છે. સવાર પડતાં પોસ્ટર વિશેની વાત આખા ગામમાં પવનવેગે ફરવા લાગે છે. સિપાહી ખયબરખાન પેલા ત્રણે કાવતરાખોરો પાસેથી આખી કથા જાણી લે છે અને પોતે બખ્તાવર અને નૂરજહાંથી બદલો લેવાની આશાએ આ કામ કર્યું છે એવું જાણતા તેને વાર નથી લાગતી. બખ્તાવરને ત્યારે નિર્દોષ માની લેવામાં આવે છે. પણ લગ્નના જ દિવસે બખ્તાવરની હવેલીએ પોલિટિકલ બ્રાંચની કચેરીએથી તેડું આવે છે. કેમકે કોઈક શખ્શે પેલા પોસ્ટર વાળી તમામ ઘટનાની ફરિયાદ ઉપર સુધી કરી દીધી હતી. પોતાની શાખ અને ઓળખાણના લીધે લગ્ન માટે એક સપ્તાહ જેટલો સમય તો તેને મળી જાય છે પણ પછી બખ્તાવરને પોલોટિકલ બ્રાંચની કચેરીએ રૂબરૂ જવું પડે છે. ત્યાં જઈને પણ પોતે પોતાની સમગ્ર કથની જણાવે છે કે કેમ તેના માતાપિતાથી પોતે અલગ થયો, ભગતકાકા તેને પાકિસ્તાન મૂકી ગયા અને સાંઈ ગુલામનબીએ તેને આશરો આપ્યો વગેરે વગેરે.

બે મહિના પછી બખ્તાવરના નામે એક સરકારી ટપાલ આવે છે. ટપાલમાં લખ્યા પ્રમાણે સરકારે તેના ઉપર ભારતીય હોવાના આરોપ મૂકી હયદ્રાબાદની કોર્ટમાં કેસ કરેલ છે. સાળા કરીમબક્ષની મદદથી

બખ્તાવર એક સારો વકીલ રાખે છે. કોર્ટ કેસમાં કુલ ત્રણ તારીખો પડે છે. પહેલી તારીખમાં તેમના પર ભારતીય જાસૂસ હોવાના આરોપો લાગે છે. તે સાંભળી એકવખત તો તેમને ગુસ્સો પણ આવી જાય છે. પણ તેમના વકીલની દલીલોના લીધે અને સરકારી વકીલ પાસે કોઈ સબૂત ન હોવાથી તેમને બીજી તારીખ મળે છે. બીજી તારીખ વખતે પણ મામૂલી દલીલો થાય છે. ત્રીજી તારીખ વખતે સરકારી વકીલ ભડકાઉ ભાષણ આપી કોર્ટ બખ્તાવરને સજા આપે એવી માંગણી કરે છે. બચાવમાં માત્ર દસ મિનિટ જેટલો સમય તેમના વકીલને આપવામાં આવે છે. આટલા ઓછા સમયમાં પોતાની વાત મૂકવી શક્ય ન હોવાથી તેમને આખરી તારીખ આપવામાં આવે છે. અંતિમ સુનાવણી વખતે બખ્તાવરના વકીલ ઇમદાદ હુસૈનની દલીલોએ આખરે કોર્ટે શાંતિથી સાંભળી અને બખ્તાવરની પક્ષમાં નિર્ણય આપતા તેમને તમામ આરોપોમાંથી મુક્તિ આપવામાં આવે છે. કથા નાયક બખ્તાવર અંતે પોતાના ભૂતકાળને વાગોળે છે ત્યારે જાણવા મળે છે કે તેમના સાચા માતાપિતાના નામ સલાહુદ્દિન પાશા અને નૂરૂન્નિસા પાશા હતું. બખ્તાવરને એક બાળક થાય છે જેનું નામ મુઝફ્ફર હુસૈન રાખે છે અને આખરે પોતાના મૂળ વતન કાનપૂરને યાદ કરી આ કથા વિરામ લે છે.

આ કથા શરૂ થાય છે ‘એ હું હતો.’થી અને પૂરી થાય છે માદરેવતન‘કાનપુર’ શબ્દથી. દીપક બારડોલીકરના જીવન વિષે જાણનારને બખ્તાવરમાં ચોક્કસ ક્યાંકને ક્યાંક સર્જકની છબી દેખાઈ આવશે. ભારત પાકિસ્તાનના ભાગલાના સર્જક પોતે ગવાહ રહ્યા છે. પાકિસ્તાનમાં ગયા પછી તેમને પણ કોર્ટ કચેરીથી જેલવાસ સુધીના અનુભવો થયા છે. આ નવલકથા પ્રગટ થયા પછી જાન્યુઆરી ૨૦૧૩ના ઓપિનિયનમાં આ કથા વિશે વાત કરતાં સર્જક નોંધે છે કે, ‘આ કથાની ય એક અજબ કથા છે. માન્ચેસ્ટરની મોકળાશમાં એ કથા વિશે થોડું હોમવર્ક કર્યું. વિભાજન વેળાની કાળી ઘટનાઓને ફરીથી તાજી કરી. ખણી ખણીને, રૂઝાયેલા જખમ પુનઃ દૂઝતા કર્યા ! બહુ વસમું હોય છે લોહીભીના ભૂતકાળમાંથી પસાર થવાનું ! સમગ્ર ઇતિહાસ આંખોના ઝરૂખે આવી ગયો. ખૂન, આગ, લાશો અને ચીસ્સો ! ભેડિયા ભેડિયા પર ત્રાટકતા નથી, પણ અહીં માનવ માનવના ભક્ષક બન્યા હતા! ગમે એમ, પણ મારે એની અંદરથી પસાર થવાનું હતું. કાંટાળા ઝાંખરાં હતાં ને હું હતો. બાહર સલામત, મગર ભીતર લોહીલૂહાણ ! કણસતા કણસતા મેં કેટલીક નોંધો કરી, કાલ્પનિક નહીં... આમ ઘણું ભેગું થયું. અને ત્યાર પછી એ સામગ્રીમાં, મારા અંગત અનુભવો, મારી આપવીતીમાંનું, બંધ બેસતું, કેટલુંક ભેળવ્યું. સંકલન કર્યું. વાર્તાનો એક ખાકો, ઢાંચો તૈયાર થઈ ગયો. અને પછી થોડી રંગપૂરણી કરીને, પાત્રો - પ્રસંગોને હરતાંફરતાં ને હસતાંબોલતાં કર્યા, ને ત્યાર પછી એ ખાકાને કાગળ ઉપર ઉતારવો શરૂ કર્યો. કલમ ચાલતી હતી એમ હૈયું ભરાઈ આવતું હતું. આંસુ નીંગળી જતાં હતાં ! હાયકારો નંખાઈ જતો હતો!’[૨]

આ સમગ્ર નવલકથામાંથી પસાર થયા પછી ડાયસ્પોરિક કહી શકાય તેવી મુખ્ય બે લાક્ષણિકતાઓ આમાંથી પ્રગટે છેઃ ૧. વિસ્થાપનની પ્રક્રિયા દરમિયાન વિસ્થાપિતોની સ્થિતિ અને ૨. નવી ભૂમિમાં સ્થાયી થયા પછી ભોગવવી પડતી તકલીફો. આ બન્ને લાક્ષણિકતાઓ વિશે વિસ્તારથી જોઈએ.

- વિસ્થાપનની પ્રક્રિયા દરમિયાન વિસ્થાપિતોની સ્થિતિ

આપણે આગળ વાત કરી તેમ આ નવલકથાનો સમય ૧૯૪૭થી ૨૦૦૦ સુધીનો છે. વર્ષો સુધી અંગ્રેજોની ગુલામી પછી ભારતને ૧૯૪૭માં આઝાદી મળે છે પણ એ આઝાદીની સૌથી મોટી કિંમત ભારત પાકિસ્તાનના ભાગલાં તરીકે ચૂકવવી પડે છે. આ ભાગલાના લીધે કોમી રમખાણો પણ ફાટી નીકળે છે. હિંદુઓ ભારત તરફ આવવા અને મુસલમાન લોકો પાકિસ્તાન તરફ જવા માટે હિજરત કરે છે. ભારતના ઇતિહાસમાં થયેલું આ સૌથું મોટું વિસ્થાપન છે. કદાચ એશિયાખંડનું પણ! આ વિસ્થાપન વખતેની સ્થિતિ વર્ણવતા નવલકથામાં સર્જક નોંધે છે કે, 'હા, ધરતીના જાયા બાખડી રહ્યા હતા. કાપાકાપી હતી. લૂંટમાર હતી. ભડાકા હતા. લાજ, શરમ, ઈજ્જતની ઐસી તૈસી કરાઈ રહી હતી.'[૩] સરકારના આદેશો મુજબ સૌ લોકો શાંતિથી પોતાની મરજી મુજબ પાકિસ્તાન અથવા ભારતમાં રહેવા માટે સ્વતંત્ર હતા પણ અમુક કોમવાદી તત્ત્વોના લીધે આ પરિસ્થિતિએ લોહિયાણ સ્વરૂપ ધારણ કર્યું હતું. હિંદુ અને મુસલમાન એવા બે જૂથ પડી ગયા હતા જે એકબીજાના કટ્ટર દુશ્મનો થઈ બેઠા હતા. શાંતિથી જીવન જીવતી પ્રજાના માનસમાં અચાનક પરિવર્તન આવ્યું હતું. લોકોની માન્યતાઓ એવી હતી કે, 'મારી માન્યતા ન સ્વીકારે એ મારો દુશ્મન, એને જીવવાનો અધિકાર હોઈ શકે નહીં; એ પ્રકારનું ઝનૂન!'[૪] આ ઝનૂન સ્ત્રી-પુરુષ, નાના મોટા, ગરીબ અમીર કોઈ પણ પ્રકારના ભેદભાવમાં નહોતું માનતું. ચારે બાજુ અરાજકતા ફેલાઈ રહી હતી. સરકારી તંત્ર આ અરાજકતાને ડામવામાં તદ્દન નિષ્ફળ નીવડી રહ્યું હતું. લોકો પોતાની બની શકે એટલી મૂડી લઈને સ્થળાંતર કરવાની તૈયારીઓ કરવા લાગી ગયા હતા. જે સાથે લઈ શકાય તેવી તમામ કિંમતી ચીજવસ્તુઓ એકઠી કરાઈ રહી હતી. સ્થાવર મિલકતો જેવી કે, ઘર, પ્લોટ, જમીન, ખેતર, ફેકટરી વગેરે છોડી જવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. કોઈક સમજદાર લોકોએ પોતાની આવી મિલકતોને પોતાના મિત્રોના નામે કરી દીધી હતી. નૂરજહાંના પતિ દિલાવરને આ રીતે જ દોઢસો એકર જમીન તેના મિત્રે આપી હતી. આ જમીન માટે લેખિત દસ્તાવેજો પણ થતાં હતાં જેમકે, 'હું છાછરોવાસી વિક્રમસિંહ ઠાકોર, રાજીખુશીથી, મારી દોઢસો એકર જમીન, જેનો સર્વે નંબર ૪૫૦ છે અને જે ખાડીના ઉગમણા કાંઠે આવેલી છે – મારા જમીનદાર મિત્ર દિલાવર હુસૈનને ભેટ આપું છું. આજની તારીખથી આ જમીનનો કાયદેસરનો માલિક દિલાવર હુસૈન છે. તે આ જમીનનો તેને યોગ્ય લાગે એ રીતે ઉપયોગ કરી શકે છે.'[૫] આ રીતે જેટલું સાથે લઈ શકાય તે લઈ બાકીની મિલકત કાં તો મૂકી દઈ અથવા આ રીતે કોઈક મિત્રને આપી દઈ રોજેરોજ

મોટી સંખ્યામાં લોકો પોતાની માતૃભૂમિ છોડી નવા દેશમાં જવા નીકળી પડતા હતા. આ રીતે તમામ સંપત્તિ સાથે લઈને નીકળતા લોકોને લૂંટી લેવાના બનાવો પણ રોજેરોજ બનતા હતા. સર્જક નોંધે છે કે, 'પણ ભાગી રહેલા કાફલા ય ક્યાં સલામત હતા. ભાગતા નિરાધાર માટે ખુદ રસ્તા જાણે શત્રુ થઈ ગયા હતા. કાફલાના કાફલાનો સફાયો કરી દેવાતો હતો. તલવારો, ભાલા ને કિરપાણો ચાલતા હતાં. લૂંટમાર કરાતી હતી. બેબસ, માસૂમ મહિલાઓને શસ્ત્રોના બળે અપહરી જવામાં આવતી હતી.'[૬] આવી ગોઝારી ઘટના બખ્તાવરના પરિવાર સાથે પણ થાય છે. પિતા-દાદા સાથે નિકળેલા બાર વર્ષના બખ્તાવરના કાફલા પર એક ટોળું અચાનક હુમલો કરે છે. 'આ કાફલો સીમા પાર કરીને આશ્રયછાયા તળે પહોંચવાને ભાગ્યશાળી બને એ પહેલાં જ કડા, કિરપાણ ખખડાવતું એક ઝનૂની ટોળું, એ પર તૂટી પડ્યું, વરૂઓ બકરાં પર તૂટી પડે એમ. અને જ્યાં પાણીનો છાંટો સુદ્ધાં પ્રાપ્ત નહોતો ત્યાં નિર્દોષ, નિરાધાર ઇન્સાનોના લોહીથી તર થઈ ગઈ!'[૭] કહેવાય છે કે ટોળાંની કોઈ ઓળખ નથી હોતી એને કોઈ ધર્મ નથી હોતું. તેમ છતાં આ વિધાનોમાં આવતા 'કડા' અને 'કિરપાણ' શબ્દો એ શીખ ધર્મના લોકો જ પહેરતા હોવાથી એ સ્પષ્ટ થઈ જાય છે કે આ કોઈ શિખ લોકોનું ટોળું હોવું જોઈએ. નવલકથામાં બખ્તાવર પોતાના શબ્દોમાં આ વિસ્થાપિતોની વેદના રજૂ કરતાં કહે છે કે, 'ક્યાં જઈએ? પ્રાણ બચાવવા માટે શહેર છોડીને ભાગ્યાં હતાં. આશરા માટે સીમા પાર જવું હતું. ... પણ જાલિમોએ તેમને તેમની માતૃભૂમિમાં જ પતાવી નાખ્યાં!'[૮] તો નવલકથામાં ભગતકાકાના પાત્રના વિચારો થકી રજૂ થતી આ નોંધ પણ જોવી જોઈએ, 'અગર રહેવાય એમ હોત તો ઘરબાર છોડીને ભાગવાની કઈ જરૂરત હતી? કોણ ખુશીથી ઘરબાર છોડે છે? માતૃભૂમિનો ત્યાગ કરે છે! અરે, પંખીઓ ય માળો છોડતાં નથી. – દેશની આઝાદી માટે રાજકીય વલોણાં ચાલ્યાં તો ખરાં, પણ પરિણામે માખણ ભેગું ઝેર નીકળી પડ્યું.'[૯] આ તમામ વિધાનો ભાવકની નજર સમક્ષ ૧૯૪૭ના સમયે બનેલા ખૂની રમખાણોનું એક દૃશ્ય ખડું કરી આપે છે. આવી પરિસ્થિતિઓ જ વ્યક્તિને સ્થળાંતર કરવા મજબૂર કરતી હોય છે. તો આવી ઘટનાઓ વખતે એક પ્રશ્ન પણ થાય કે આ પ્રકારના વિસ્થાપનને સ્વૈચ્છિક કહેવું કે અનૈચ્છિક? કેમકે, આ લોકો પોતાની મરજીથી નહીં પણ મજબૂરીના લીધે સ્થળાંતર કરતાં હોય છે. આ મજબૂરી એ જીવતા રહેવાની મજબૂરી છે. જો પોતે સ્થળાંતર નહીં કરે તો જીવનું જોખમ પણ હતું. આથી આવી સ્થિતિમાં થયેલા સ્થળાંતરને મારી સમજણ પ્રમાણે અનૈચ્છિક પ્રકારના સ્થળાંતરમાં જ સમાવવા જોઈએ.

આમ, ડાયસ્પોરા બનવા પાછળના કારણોમાં એક વિભાજન પણ છે. વિભાજન જો શાંત અને સમજણપૂર્વકનું હોય તો ઠીક પણ વિભાજન જ્યારે લોહિયાણ અને ધર્મઝનૂની બની જાય છે ત્યારે હજારો માસૂમ એનો ભોગ બનતા હોય છે. આ ઘટનાની યાદો હંમેશા માનવીને સતાવે છે. પોતાના સગા અને વ્હાલા લોકોને પોતાની નજર સમક્ષ કોઈ પણ પ્રકારાના વાંક કે ગૂના વિના મરતાં જોવા એ કોઈપણ માનવીને

જડમૂળમાંથી હચમચાવી દે છે. લોકો પોતાનું સાનભાન ખોઈ બેસે છે. આવી પરિસ્થિતિઓ પોતાની સગી આંખે જોનાર વ્યક્તિની પીડા શબ્દો દ્વારા વર્ણવી ન શકાય. તેની તો માત્ર કલ્પના જ કરવી રહી.

- નવી ભૂમિમાં સ્થાયી થયા પછી ભોગવવી પડતી તકલીફો.

નવલકથાનો નાયક બખ્તાવર પાકિસ્તાનમાં વર્ષો સુધી રહે છે. ત્યાં સ્થાયી થઈ જાય છે. ત્યાં જ લગ્ન પણ કરે છે તેમ છતાં અમૂક લોકોની ઇર્ષાને કારણે તેમને પોલીસથી માંડી કોર્ટ કચેરીઓના ધક્કા ખાવા પડે છે. બખ્તાવરની જમીનદારી અને નૂરજહાંને ગૂમાવવાને કારણે પટવારી અને બીજા બે જણ બખ્તાવરથી બદલો લેવા માટે નાની વાતને મોટું સ્વરૂપ આપે છે. પોતે જ્યારે ઇમાનદારીથી નૂરજહાંના પ્રેમ અને સાંઈની મિલકતને મેળવી ન શક્યા એટલે તેઓ બગાવતનો માર્ગ પસંદ કરે છે. આ માર્ગની પસંદગીના લીધે પોલીસ દ્વારા રંગેહાથે ઝડપાઈ ગયા એટલે સારો એવો માર પણ ખાવો પડ્યો અને બેઈજ્જત થયા તે વધારામાં. પટવારીના લીધે બખ્તાવરને પોલિટિકલ બ્રાંચની કચેરીએ ખુલાસો આપવા જવું પડે છે. ખુલાસાના બે મહિના પછી તેને જાણવા મળે છે કે તેના પર હયદ્રાબાદની કોર્ટમાં કેસ કરવામાં આવ્યો છે. ઇમાનદારી અને મહેનત કરી જીવતા બખ્તાવર જેવા વ્યક્તિને માત્ર પોતે ડાયસ્પોરા છે એના લીધે આ તકલીફો સહન કરવી પડે છે. તેના ઉપર કેવા કેવા આરોપ લગાવવામાં આવે છે તે જોઈએઃ

- તમારા વિરુદ્ધ આ પ્રકારની ફરિયાદ મળી છે કે તમે પાકિસ્તાની નાગરિક નથી. ભારતીય નાગરિક છો. અને મુસલમાન હોવાનો ડોળ કરીને, ખોટો દેખાવ - દંભ કરીને અહીંના લોકોને તથા સરકારને ધોખો આપીને અહીં છાછરો ગામમાં વસી ગયા છો. તમારા આ વસવાટનો પ્રબંધ ભારતીય ગુપ્તચર ખાતાના માણસોએ એક ભગત મારફત કરાવ્યો હોવાનું ય કહેવાય છે.[૧૦]
- અમને ખાતરી છે કે આરોપી બખ્તાવર ભારતીય ગુપ્તચર ખાતાનો માણસ છે. વિભાજન પ્રસંગે મુહાજીરોના લૂંટાયેલા – કુટાયેલા કાફલાના એક બચેલા જણ તરીકે એને પાકિસ્તાનમાં ઘુસેડવામાં આવ્યો હતો. છાછરોમાં એને મુકી જનાર ભગત ભારતીય ગુપ્તચર ખાતાનો આદમી હતો એમ અમારી માહિતી કહે છે.[૧૧]
- વિવિધ સાધનો દ્વારા મળેલી આ અન્ય ચોંકાવનારી બાતમીઓને લક્ષે લઈ સિંધનું ગૃહખાતું આ નિર્ણય ઉપર પહોંચ્યું છે કે તમારી સામે કાનૂની કામ ચલાવી, શિક્ષા કરી, અહીંથી હદ પાર કેમ ન કરી દેવામાં આવે ?[૧૨]

કોર્ટ કચેરીઓના ફેંસલા માત્ર અને માત્ર પૂરાવાઓના આધારે થતા હોય છે. પણ, બખ્તાવર માટે સૌથી મુશ્કેલીની વાત એ હતી કે રાષ્ટ્રભક્તિ કે સ્વદેશપ્રેમ માટે કયા પ્રકારના પૂરાવાઓ આપી શકાય ? કયા

પ્રકારના પૂરાવાઓ હોઈ શકે? પોતે વિભાજન પછી પોતાનું સર્વસ્વ ખોઈ બેસે છે ત્યારે પાકિસ્તાનની ધરતી અને સાંઈ ગુલામનબી જ તેનો આશરો બને છે. એમાં પણ સાંઈ ગુલામનબીથી તો ભગતકાકાની ઓળખાણને લીધે મળવાનું થયું. ભગતકાકાને મળ્યા પછી પોતે પાકિસ્તાન જવાનો નિર્ણય કર્યો હતો ત્યારે તો પાકિસ્તાનમાં તેને ઓળખનાર પણ કોઈ જ નહોતું. તેમ છતાં તે પાકિસ્તાનમાં રહેવાનું પસંદ કરે છે. આ તો ભલું થાય પેલા ભગતકાકાનું અને સાંઈ ગુલામનબી જેવા દિલદાર માણસનું કે એણે એક અનાથ બાળકને રહેવા માટે વ્યવસ્થા કરી આપી. તેને પિતાનો પ્રેમ આપ્યો, અરે મરતાં મરતાં પોતાની તમામ મિલકત પણ બખ્તાવરને નામ કરી ગયા. તેમ છતાં બખ્તાવર પર અન્ય દેશના જાસૂસ હોવાનો આરોપ લાગે છે. ત્યારે પોતે વિચારવા મજબૂર થઈ જાય છે કે, 'શું હું પાકિસ્તાની નથી ? મુસલમાન પણ નથી ?? - અગર હું ભારતથી લુટાઈકુટાઈને અહીં આવેલો આદમી પાકિસ્તાની નથી તો પછી કયા લોકો પાકિસ્તાની હોઈ શકે? દેશજનોની સેવા કરે, દેશનું કલ્યાણ ઇચ્છે અને તે માટે પ્રયાસો કરે તે પાકિસ્તાની નહીં? – અને અલ્લાહને તથા તેના રસૂલને માને, નમાઝ પઢેને કુરઆન ચીંધ્યા માર્ગે ચાલે તે મુસલમાન નહીં ? - તો પછી મુસલમાન કોણ ?[૧૩] આ સમયે કોઈ પણ સમજદાર માણસની બુદ્ધિ બહેર મારી જાય ત્યારે બખ્તાવર જેવા બે વખત પિતાની છત્રછાયા ગુમાવી દેનાર સામાન્ય વ્યક્તિની શું ઔકાત? એટલે જ જીવનમાં ક્યારેય ગુસ્સો ન કરનાર બખ્તાવર અદાલતમાં ગુસ્સે થઈ જાય છે. આ સમયે બખ્તાવરની માનસિકતા શું રહી હશે એ જાણવાનો સૌ કોઈને વિચાર આવે. તો બખ્તાવરના માનસમાં ચાલી રહેલી ગડમથલને રજૂ કરતા આ વિધાનો જોઈએ, 'હું આરોપીના કઠેરામાં ઊભો ધ્રુજી રહ્યો હતો. જો કે હું બેકસૂર હતો. મઝલૂમ હતો. મગર અદાલતના ખંડમાં આ ભયાનક આરોપો સાંભળ્યા પછી મને એમ લાગવા માંડ્યું કે જાણે હું ગુનેગાર છું. સરકારી વકીલ જ શા માટે, અદાલતનો આખો ખંડ અને એ ખંડમાંનાં ખુરશી, મેજ, બાંકડા, બધું જ જાણે કહી રહ્યું હોય કે તું પાકિસ્તાની નાગરિક નથી, ભારતીય એજન્ટ છે, - એમ મને લાગવા માંડ્યું હતું. - મારું માથું ચકરાવા લાગ્યું. સાચું શું છે ? હું કોણ છું ? ક્યાંનો છું? અને આ અદાલતમાં શા માટે આવ્યો છું? આ સવાલો મારા માથામાં ઝીંકાવા લાગ્યા હતા.'[૧૪]

આમ, આ તમામ વિધાનો ડાયસ્પોરાને નવી ભૂમિમાં સ્થાયી થયા પછી પણ ભોગવવી પડતી તકલીફોની ઝાંખી કરાવે છે. માત્ર પોતાના ભૂતકાળને લીધે બખ્તાવર પર દેશદ્રોહ જેવા આક્ષેપો પણ લાગે છે. આ તમામ બાબતો એ તરફ સૂચન કરે છે કે ડાયસ્પોરા ગમે તેટલી સારી રીતે પરદેશમાં ભળી જાય પણ સમય આવ્યે કોઈકને કોઈક શંકાશીલ અને વિદ્રોહી માનસ ધરાવતા વ્યક્તિઓ પોતાની નીજી બાબતોના બદલા ખાતર તેમને હેરાન પરેશાન કરી મૂકે છે. પણ અંતે બખ્તાવર પોતાના નામના અર્થ 'ભાગ્યશાળી'ને ખરા અર્થમાં સાર્થક કરે છે કેમકે અદાલત દ્વારા તેને બેગુનાહ માની છોડી દેવામાં આવે છે.

આ નવલકથામાં સર્જક દીપક બારડોલીકરને કવિ દીપક બારડોલીકરની સારી એવી મદદ મળી છે. કથામાં વચ્ચે વચ્ચે અવારનવાર પંક્તિઓ આવતી રહે છે જે વિષયાનુરૂપ તો છે જ તે ઉપરાંત નવલકથાને સમજવામાં પણ ઉપયોગી સાબિત થાય છે. તો નવલકથાની આવી પંક્તિઓમાંથી નમૂનારૂપ થોડી પંક્તિઓ જોઈએ:

રે હો.....!
એક જ માટીનું બધું લોક
એ જ ખરું બાકી બધું ફોક
એક જ માટીનું બધું લોક
...
જીવનને જાણ અલ્યા, પુષ્પોની ડાળ
ખૂશબૂથી ભરી ભરી થૈ જા સવાર
એ જ ખરું બાકી બધું ફોક
રે, હો...
એક જ માટીનું બધું લોક [૧૫]

ભગતકાકાના મોઢેથી નીકળેલી આ પંક્તિઓ અધ્યાત્મ ભાવ અને માનવ પ્રેમ તરફ દિશાનિર્દેશ કરે છે. ચારે બાજુ ખૂની ખેલ ખેલાઈ રહ્યો હતો તેવા સમયે પોતે હિંદુ હોવા છતાં એક માસૂમ મુસલમાન બાળકને તેઓ બચાવે છે. જીવના જોખમે તેને સરહદ પાર કરાવી પાકિસ્તાન મૂકવા પણ જાય છે. કોઈ અપરિચિત માટે આટલી તકલીફ કોણ લે? આ રીતે આ પંક્તિઓ દ્વારા ભગતકાકાનું પાત્ર વધારે ઉપસી આવે છે. ભગતકાકાના મોઢેથી આ પંક્તિઓ સાંભળ્યા પછી જ બાર વર્ષના બખ્તાવરને ભગતકાકા વિધર્મી હોવા છતાં તેનાથી બીક લાગતી નથી. તે નિર્ભય થઈ રાત્રે સૂઈ શકે છે.

તો કોર્ટમાંથી નિર્દોષ જાહેર થયા પછી બખ્તાવર જ્યારે પોતાના ગામ છાછરો પરત ફરે છે ત્યારે ચારે બાજુ ‘જિંદાબાદ ..... જિંદાબાદ...’ના નારાઓ ગાજી ઉઠે છે. સૌ ગામ લોકો નાચવા લાગે છે. આ હર્ષની લાગણીને વ્યક્ત કરતાં સર્જક નોંધે છે કે

જીતી લીધો જંગ રે,
હો જમાલો!
રંગ રાખ્યો રંગ રે,

હો જમાલો!

સ્નેહનો છે સંગ રે,

હો જમાલો!

નાચે મનઉમંગ રે,

હો જમાલો! [૧૬]

આ ગીત દ્વારા સર્જક, એના પરિવારજનો અને સૌ ગામ લોકોની લાગણી જોડાયેલી છે. તમામ તકલીફોમાંથી હેમખેમ બહાર આવવાનો આનંદ છે. તો ઓપિનિયન સામયિકના તંત્રી વિપુલ કલ્યાણીના આ નવકલથાના પ્રકાશિત કર્યા સંદર્ભે શરૂઆત અને નવલકથાને અંતે આપેલા એમ બે પ્રતિભાવો પણ અહીં નોંધવા જોઈએ. આ પ્રતિભાવો દ્વારા આ નવલકથાની વિશિષ્ટ ઓળખ ઉભી થાય છે. 'ખૂદ ઉપર જે વીતી તેનાં પ્રતિબિંબ આ નવલમાં પડઘાયા કરે છે. વળી, મજાની વાત એ છે કે તેમણે ઊર્દૂને સિંધિ જબાનના અનેક શબ્દોને અહીં રમાડતા રમાડતા ગુજરાતીઓના મહાસાગરમાં પ્રિત્યાર્થે વહેતા મુક્યા છે. માદરે જબાન આથી સમૃદ્ધ બની છે તે આપણી લબ્ધિ. તદુપરાંત, આ ઘટનાને ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય જગતની મહામૂલી મિરાત લેખવી પડે. આ નવલ આ પાસાનેય મજબૂતપણે ઉજાગર કરી રહેશે.'[૧૭] નવલકથાની પૂર્ણાહુતિ નિમિત્તે તેઓ કહે છે કે, 'હિન્દુસ્તાનના ભાગલા વેળાની વાતને વણતાં સાહિત્ય બાબત ગુજરાતીમાં લગભગ દુષ્કાળ શી પરિસ્થિતિ છે. તેમાં 'બખ્તાવર' ટાઢક વાળે છે.... કોમવાદને નામ, મઝહબને નામ આજે જ્યારે મૂળગામીઓ ઝેર ઓકતા રહ્યા છે, ત્યારે અહીં લેખકે માનવતાનો પવન વહેતો રાખ્યો છે; અહીં તેને કારણે, ઠરેલપણું, સર્વસમાવિષ્ટપણું, સભરસભર જોવા પામીએ છીએ.'[૧૮]

આમ, સર્જક બારડોલીમાં જન્મી ભણીગણી પાકિસ્તાન જાય છે અને આખરે વર્ષ ૨૦૦૦માં બ્રિટન સ્થળાંતરિત થઈ જાય છે. સર્જકેને પોતાના જીવનમાં પણ આ વિસ્થાપનને લીધે ઘણીબધી તકલીફો ભોગવવી પડી છે. એટલે તેમના જીવનના અનુભવોને વ્યક્ત કરતી નિર્મિશ ઠાકરની આ પંક્તિઓ સાથે વિરમીએઃ

ગયાં ક્યાં શાયરોનાં સ્તર ? હવે દીપક નહીં આવે
તગઝ્ઝુલને કર્યું બેધર! હવે દીપક નહીં આવે
તમારી મહેફિલોની જેલ ભોગવવા ફરી આવું?
ભલો છું હું માન્ચેસ્ટર! હવે દીપક નહીં આવે [૧૯]

સંદર્ભઃ

૧. ઓપિનિયન, સપ્ટેમ્બર-૨૦૧૨, પૃ.૧૮

૨. ઓપિનિયન, જાન્યુઆરી-૨૦૧૩, પૃ.૨૧

૩. ઓપિનિયન, જૂન-૨૦૧૨, પૃ.૨૦

૪. એજન

૫. ઓપિનિયન, સપ્ટેમ્બર-૨૦૧૨, પૃ.૨૦

૬. ઓપિનિયન, જૂન-૨૦૧૨, પૃ.૨૦

૭. એજન

૮. ઓપિનિયન, જૂન-૨૦૧૨, પૃ.૨૦

૯. એજન

૧૦. ઓપિનિયન, નવેમ્બર-૨૦૧૨, પૃ.૧૭

૧૧. એજન

૧૨. એજન

૧૩. એજન

૧૪. એજન

૧૫. ઓપિનિયન, જૂન-૨૦૧૨, પૃ.૨૧

૧૬. ઓપિનિયન, નવેમ્બર-૨૦૧૨, પૃ.૨૦

૧૭. ઓપિનિયન, જૂન-૨૦૧૨, પૃ.૨૦

૧૮. ઓપિનિયન, જૂન-૨૦૧૨, પૃ.૧૬

૧૯. ઓપિનિયન, જાન્યુઆરી-૨૦૧૩, પૃ.૨૧

❖ ૪.૫ દીપક બારડોલીકરના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

દીપક બારડોલીકરને સરકારી આદેશના લીધે ભારત છોડવું પડ્યું છે. તેમની ભારત છોડવાની કોઈ ઇચ્છા ન હોવા છતાં કાયમ માટે દેશને છોડી પાકિસ્તાન જવું પડેલું છે. પોતાના પ્યારા વતને તેમને જાકારો આપ્યો હોવા છતાં તેમણે પોતાના વતનને હંમેશા માન આપ્યું છે. જે તેમની વતનપ્રેમની ગઝલોમાં જોઈ શકાય છે. પોતાની જન્મભૂમિ તેમને છોડવી પડી છે પણ તેનું નામ તેમણે પોતાના નામની સાથે કાયમ માટે એટલી હદે જોડી દીધું છે કે આજે તેઓ મુસાજીના બદલે દીપક બારડોલીકરના નામે જ ઓળખાય છે. વતનને આથી વધારે વ્હાલ કેવી રીતે કરી શકાય ! ભારત પછી પાકિસ્તાન પણ તેમણે છોડી દીધું હોવા છતાં વતન તરીકે તેમને બારડોલી જેટલું વ્હાલું છે એટલું જ વ્હાલું સિંધ અને કરાંચી પણ છે. આ રીતે ભારત અને પાકિસ્તાન તેમના માટે એકસરખું મહત્ત્વ ધરાવે છે. કારણ કે, તેઓ સંયુક્ત ભારતમાં ઉછર્યા છે. વળી, દીપક બારડોલીકર એકમાત્ર એવા સર્જક છે કે જેમની પાસેથી આત્મકથા મળી છે અને તે પણ એક નહીં બે ભાગમાં. ગઝલ એ તેમનું પ્રિય સાહિત્ય સ્વરૂપ રહ્યું છે. વળી, ગઝલ એ પદ્ય સ્વરૂપ છે. લાગણીઓને

સાહિત્યમાં પદ્ય દ્વારા જેટલી પ્રભાવક રીતે આલેખી શકાય તેટલી ગદ્ય દ્વારા ન આલેખી શકાય. તેમાં પણ ગઝલ તો વાતચીતની શૈલીમાં સર્જાતું સાહિત્ય સ્વરૂપ છે. આથી ગઝલકાર દીપક બારડોલીર પોતાની લાગણીઓને વધારે સારી રીતે આલેખી શક્યા છે. તેમની ગઝલો, આત્મકથા અને નવલકથામાંથી પસાર થઈએ તો વતનને છોડવાથી પેદા થતો આક્રોશ અને પીડા વિશેષ રીતે ધ્યાને આવે. એવું કહેવું પણ અતિશયોક્તિ નથી કે ડાયસ્પોરિક સાહિત્યના સંપૂર્ણ લક્ષણો તેમના સાહિત્યમાં આલેખાયાં છે. જેવા કે, વતનપ્રેમ, વતનવિચ્છેદની પીડા, સંઘર્ષ, ઘરઝુરાપો, સાંસ્કૃતિક સંઘર્ષ અને નવા દેશમાં સ્થાયી થવાની વેદના પણ છે.